॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓક્ટોબર ૨૦૧૫

રૂા. ૫/૦૦





# કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોની સત્સંગ શિબિર ૨૦૧૫ - સિશેલ્સ






















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥ ૭

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક






પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૫ અંક - ૯ - ઓકટોબર – ૨૦૧૫
સળંગ અંક - ૩૫૭

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org


## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે

શ્રાવણી સરવાણીમાં શિવની ઉપસનાર્થે શ્રધ્ધાળુ ભક્તોએ બીલીપત્ર અને દૂધથી અભિષેક કરી અર્ઘ્ય અર્પણ કરતાં ધન્યતા અનુભવવાની સાથે વાર-વ્રતો અને તિથિ તહેવારો અનુસાર એક ટાણા-ઉપવાસ તેમજ પૂજન-અર્ચન કરી પુણ્યનું ભાથું બાંધી ભક્તિભાવથી ભીંજાયા. ત્યારબાદ ગજાનનની ઉપાસના કરી ગણેશચતુર્થીનો ઉત્સવ ઉજવી પોતાના તથા વિશ્વના વિઘ્નો દૂર કરવા વિઘ્નહર્તાને પ્રાર્થના કરી. ભાદરવામાં પિતૃતર્પણ કરી ઋણ અદા કર્યાનો સંતોષ અનુભવ્યો. હવે આવે છે ઉત્સાહ, ઉમંગ અને આસ્થા સાથે આદ્યશક્તિની આરાધના કરવાનો આનંદ પર્વ એટલે નવરાત્રી. ભારતના ધાર્મિક ઉત્સવોની પોતપોતાની અલગ અલગ ખાસિયત છે. શહેર હોય કે નાનું ગામ હોય રાત પડે ને રાસની રમઝટ જામે. આબાલવૃધ્ધ સૌ કોઈ આદ્યશક્તિની સ્તુતિ કરતા ગરબાઓ ગાઈ સંગીતની સુમધુર સૂરાવલિઓના સથવારે ગરબે ઘૂમી ઉમંગભેર આનંદ લૂંટતા હોય છે. પણ હા ! મા પાર્વતીની ઉપાસના કરતાં પુણ્યને બદલે પાપનાં પોટલાં બંધાતાં જોવા મળે છે. પર્વની પવિત્રતાને જાળવીએ, વ્યભિચાર અને છેડતીના કિસાઓથી મા દૂર્ગાની પ્રકોપ થશે માટે રાસ-ડાંડીયા રમીએ ત્યાં પણ વિવેક રાખીએ, બહેનો, પુરુષો અલગ અલગ વિભાગમાં રમીએ. અપવિત્ર અશુદ્ધ ખાણાં પીણાંને છોડી પ્રસાદ લઈ પુણ્ય કમાઈએ. નવરાત્રીના અંતે આવે વિજ્યાદશમી. આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે વિજ્યાદશમી. અંતરમાં રહેલા મોહ, માયા, વાસના, તૃષ્ણા, ઈર્ષ્યા, અહંકાર, દંભ જેવા આંતરશત્રુઓ પર શ્રધ્ધા, સમર્પણ, સ્નેહ, અધ્યાત્મ અને ભક્તિ દ્વારા મનને પવિત્ર કરી વિજય મેળવવાનું પર્વ એટલે વિજ્યા દશમી. ત્યારપછી આવે પ્રકૃતિની પરમ શીતળતાનો અનુભવ કરાવતી શરદ પૂનમ. પૂર્ણિમાની રાતે ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હોય, તેમાંય પાછી શરદઋતુ હોય અને એ નિશામાં શશીની સ્વચ્છ, શુભ્ર, ધવલ, આહ્લાદક ચાંદનીનો રૂપેરી પ્રકાશ પૃથ્વી પર પથરાઈને અવનિના શણગાર સજતો હોય ત્યારે અલૌકિક વાતાવરણનું નિર્માણ થતું હોય છે. ઈશ્વરે જેવું આ પ્રાકૃતિક સૌંદર્ય બક્ષ્યું છે તેવું જ નિખાલસ, પવિત્ર અને શુધ્ધ મન માનવને પણ આપ્યું છે. બાળકનું મન નિર્મળ, નિખાલસ અને પવિત્ર હોય છે તેથી બાળકને તાપની આંચ લાગતી નથી. પ્રભુએ તો આવી શીતળતા દ્વારા જગતના સંતાપોના તાપનું શમન કરી શાંતિની અનુભૂતિ કરવા માનવને નિર્મળ મન અર્પ્યું છે પણ સંગદોષના કારણે મલિન થઈ ગયેલા મનના ગુલામ માનવી શાંતિની પળો માણી શકે છે ખરા ?

આ બધું માણવા આંતરિક મન શુધ્ધ અને સ્વચ્છ હોવું જોઈએ પ્રભુ પરાયણતા અને સમર્પિત ભાવ સાથેની ભક્તિ આંતરિક મનને સહજ રીતે પ્રકૃતિમય બનાવવામાં વિશેષ યોગદાન આપે છે. જે મનમાં આંતરિક સંયમ અને આત્મ અનુશાસન હોય ત્યાં સદૈવ પવિત્રતા અને શુધ્ધતા હોય છે. બાહ્ય આડંબર કરનાર દંભી માનવ શાંતિ પામી શકતો નથી.

વેશ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂરજી.

ઉપર વેશ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂરજી.
ઉપર તજે ને મનમાં ભજે, એમ ન સરે અરથજી.
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનરથજી.

સ્વામી નિષ્કુળાનંદજીની આ પંક્તિ સ્પષ્ટ કહે છે કે આપણા બદલાતા બાહ્ય પરિવેશ અને તે મુજબના આચરણ કરનારાઓ આંતરશત્રુઓથી ઘેરાયેલા રહે છે, તેથી અનેક અનર્થો અને સમસ્યાઓનું સર્જન થાય છે. આવી સમસ્યાઓનું સમાધાન અંતરમન થકી જ થઈ શકે. આંતર ચેતના દ્વારા નિષ્કામ ભક્તિ કરનારા ભક્તોના જીવનમાં કોઈ સમસ્યાઓ રહેતી નથી. દંભ તજીને સમર્પિતભાવ સાથે સંપૂર્ણ નિષ્ઠાથી શ્રીજી મહારાજનું પ્રેમપૂર્વક શરણ લેનારનું જીવન સાર્થક થઈ જાય છે. તેઓને સંતાપ સતાવતો નથી. તેમનું જીવન પ્રભુપરાયણ હોય છે અને ચિત્તમાં શાંતિ હોય છે.

જયશ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## છાન્દોગ્ય ઉપનિષદની બ્રહ્મવિદ્યાઓ અને વચનામૃત

લેખાંક-૪૭

લેખક : ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી



### છઠ્ઠો ખંડ

આ ખંડમાં ઋક્ (ઋગ્વેદ) અને સામ (સામવેદ)ના સંબંધને એક રૂપકના માધ્યમથી ઉદ્‌ગીથની વ્યાખ્યા કરવામાં આવી છે. સામવેદની મોટે ભાગે ઋચાઓ ઋગ્વેદથી લેવામાં આવી છે. તેથી કહેવાય છે કે સામવેદનો જન્મ ઋગ્વેદથી થયો છે. કારણ કે જે સામવેદમાં જે છે તે બધુ ઋગ્વેદમાં પણ છે. આવા સંબંધને સુદ્રઢ કરવાની ભાવનાથી તેમજ સર્વેમાં અંતર્યામિ ભૂત પરમાત્માની ઉપાસનાનો તે તે પ્રાકૃતિક તત્ત્વો દ્વારા કરવાનું વગેરે આ ખંડમાં બહું સુંદર રીતે પ્રાકૃતિક રહસ્યોને આધ્યાત્મિક સ્તર પર પ્રસ્તુત કર્યો છે.

**રૂપક -૧** - પૃથ્વી ઋક્ છે તો અગ્નિ સામ છે. અર્થાત્ અગ્નિ રૂપ જે સામ આ પૃથ્વીરૂપ જે ઋક્ તેમાં રહેલ છે. આ પૃથ્વીમાં રહેલ સામનું ગાયન કરવામાં આવે છે. સામના બન્ને અક્ષરો **'સા'** અને **'અમ'** નું વર્ણન કરતાં કહે છે કે પૃથ્વી **'સા'** અને અગ્નિ **'અમ'** છે આ બન્ને મળીને સામ છે.

**રૂપક -૨** - અંતરિક્ષ ઋક્ છે અને વાયુ સામ છે. આ ઋક્‌માં રહેલ સામનો જ વાયુ ગાયન કરે છે. **(સા = અંતરિક્ષ, અમ = વાયુ)**

**રૂપક-૩** - દ્યુલોક (સ્વર્ગલોક) ઋક્ છે અને સુર્ય સામ છે. સામરૂપી સૂર્ય દ્યુલોક રૂપી ઋક્‌માં પ્રતિષ્ઠિત છે. **(સા = દ્યુલોક, અમ = સૂર્ય)**

**રૂપક ૪** - સમગ્ર નક્ષત્ર મંડળ ઋક્ છે અને ચન્દ્રમા સામ છે. ચન્દ્રમા રૂપી સામ નક્ષત્રરૂપ ઋક્‌માં પ્રતિષ્ઠિત છે. **(સા = નક્ષત્રમંડળ, અમ =ચંદ્રમા)**

હવે બીજા સંદર્ભમાં ઋક્ અને સામના સંબંધ પ્રગટ કરતાં કહે છે - દેખાતા જે શ્વેત પ્રકાસમાન સૂર્ય તે **ઋક્** છે અને એ સિવાય જે આકાશમાં નીલવર્ણ જે દેખાય છે તે **સામ** છે. તેથી ઋક્‌ની સાથે સામનું ગાયન થાય છે.

**ઋષિ વિશેષ વર્ણન કરતાં કહે છે કે** - અત્યાર સુધી અંગભૂત તત્ત્વોના માધ્યમાંથી પરમાત્માની ઉપાસના બતાવી હવે પ્રાધન પણે પરમ પુરુષની ઉપાસના કહે છે તે ઉપાસ્ય પુરુષ કેવા છે તો ''अथ एष अन्तरादित्ये हिरण्यमयः पुरुषो दृष्यते हिरण्यश्मश्रुहिरण्यकेश आप्रणखात्सर्वे एव सुवर्णः'' આદિત્યમંડળના મધ્યમાં અત્યંત સુંદર અને પ્રકાશમાન જે પુરુષને યોગિપુરુષો જુવે છે તેની ડાઢી અને કેશ સુવર્ણ સમાન તેજસ્વી છે અને નખથી લઈને બધુ જ દેદીપ્યમાન છે **તે જ પરમ પુરુષ પરમેશ્વર બ્રહ્મ છે.** અને વળી ઋષિ કહે છે કે તે પરબ્રહ્મ કેવા છે તો - ''तस्य यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी तस्योदिति नाम स एष सर्वेभ्यः पाप्मभ्य उदितः उदेति ह वै सर्वेभ्यः पाप्मभ्यो य एवं वेद'' જેમનાં બન્ને નેત્રો કમળની પાંખડીની જેમ લાલ છે.

**આ મંત્રના અર્થના સંદર્ભમાં રામાનુજાચાર્યના જીવનની એક સુપ્રસિદ્ધ કથા છે -**

શ્રીરામાનુજાચાર્ય કાંચીનગરીમાં યાદવપ્રકાશ પાસે વેદાન્તનો અભ્યાસ કરતા હતા. બુદ્ધિકૌશલ્યને કારણે એકવાર સાંભળવાંથી મંત્રાર્થ યાદ કરી લેતા. તેથી થોડા જ સમયમાં વેદાન્તનું જ્ઞાન એટલું પ્રાપ્ત કર્યું કે ક્યારેક વેદાન્તના અધ્યયના સમયે શ્રીરામાનુજે પૂછેલા પ્રશ્નનો ઉત્તર ગુરુ યાદવપ્રકાશને

આપવો કઠીન થઇ પડતો હતો. ધીરે ધીરે શ્રીરામાનુજની વિદ્વતાની ખ્યાતિ ચારે બાજુ ફેલાવા લાગી. યામુનાચાર્ય સ્વયં ગુપ્ત રૂપે આવી તેમનું વેદાન્ત જ્ઞાન અને બુદ્ધિ પ્રતિભાને જોઇ ઘણા પ્રસન્ન થતા. પરન્તુ યાદવપ્રકાશ માટે આ પ્રતિભા પ્રસન્નતાનું કારણ ન બની.

એક દિવસ શ્રીરામાનુજ ગુરુની સેવામાં હતા તે સમયે વિદ્યાર્થીઓને ઉપનિષદ્ મંત્ર- ''तस्य यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी'' આ મંત્રનો અર્થ યાદવપ્રકાશ સમજાવવા લાગ્યા કે તે સુવર્ણ વર્ણ પુરુષની બન્ને આંખો વાંદરાની પૃષ્ઠ ભાગ જેવી છે. પરમાત્માની આવી હિનોપમાયુક્ત વ્યાખ્યા સાંભળીને શ્રીરમાનુજને બહુ દુઃખ થયું. નેત્રમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેમણે ગુરુજીને કહ્યું ગુરુજી ! સર્વકલ્યાણમય અખિલ સૌન્દર્યની મૂર્તિ, સચ્ચિદાનન્દમય વિગ્રહ એવા ભગવાનના મુખની વાંદરાની પૃષ્ઠભાગની સાથે ઉપમા દેવી કેટલો અન્યાય અને પાપ કહેવાય ? આ સાંભળી યાદવપ્રકાશજી હસવા લાગ્યા અને કહ્યું, કે બાળક ! હું પણ તારા અભિમાનથી દુઃખી છું. તને તેનો સાચો અર્થ આવળતો હોય તો બતાવ ! ત્યારે શ્રીરામાનુજે અતિ વિનય પૂર્વક કહ્યું આપના આશીર્વાદથી નવી વ્યાખ્યા કરી શકું છું. - કપ્યાસં શબ્દનો અર્થ વાંદરાનો અપાન માર્ગ નહીં પરન્તુ **कं જલં પિબતીતિ કપિઃ** એટલે સૂર્યઃ (कं जलं पिबतीति कपिः – सूर्यः ।) એવં વિકસનાથક અસ્ ધાતુથી આરુ સિદ્ધ થાય છે એટલે કપ્યાસં શબ્દનો અર્થ સૂર્ય દ્વારા વિકસિત પદ્મ (કમળ). આ પ્રમાણે મન્ત્રાર્થ થયો. સુવર્ણ વર્ણ સવિતૃમંડળ મધ્યમવર્તી પુરુષની આંખો સૂર્યદ્વારા વિકસિત પદ્મ (કમળ)ની સમાન શોભાયમાન છે.

આ રીતે શ્રીરામાનુજ જ્યારે યાદવપ્રકાશની વેદાન્ત વ્યાખ્યાનું ખંડન કરી, ઉપનિષદ્‌ના રહસ્યને પ્રગટ કર્યું છે.

આ રીતે આ ખંડનો સારાંશ એ છે કે - જે ઉપાસક પોતાનું જ્ઞાન અને દિવ્ય દૃષ્ટિથી સર્વેમાં ઋક્ અને સામના રૂપમાં રહેનારા સર્વે દેવ-મનુષ્યના જે ભોગ્ય-ભોગોપકરણના નિયમન કરનારા પરમ પુરુષ પરબ્રહ્મની ઉપાસના કરે છે તે સર્વે પાપોથકી મુક્ત થઇ જાય છે.

### સાતમો ખંડ

આ ખંડમાં આધ્યાત્મિક ઉપાસનાનું વર્ણન છે. વાણી ઋક્ છે અને ઘ્રાણ સામ છે. તેથી પ્રાણ રૂપી સામ વાણીરૂપી ઋક્માં રહે છે ( જયારે આપણે વાણી દ્વારા બોલીએ છીએ ત્યારે શ્વાસ લઈ શકતા નથી અને જ્યારે શ્વાસ લઇએ છીએ ત્યારે બોલી શકાતા નથી.) વાણી 'સા' છે અને પ્રાણ 'અમ' છે બન્ને મળીને સામને સર્જે છે.

આંખ ઋક્ છે અને તેની અંદર રહેલ કાળી પુતડી સામ છે. કાળી પુતડી રૂપી સામ ઋક્ રૂપી આંખમાં રહે છે. આંખ 'સા' છે અને કાળી પુતડી 'અમ' છે અને બન્ને મળીને 'સામ'નું સર્જન કરે છે. આવી જ રીતે કાન અને મનના સંબંધમાં કહ્યું છે. અંતમાં આંખના માધ્યમથી પરબ્રહ્મના રહસ્યનું વર્ણન કર્યું છે. યોગીપુરુષો આંખમાં જે પુરુષને જુવે છે તે બ્રહ્મ છે. તે જ બ્રહ્મ પૃથ્વીની ઉપર- નીચે સર્વત્ર શાસન કરે છે. તે મનુષ્ય - દેવતાઓને પણ ભોગ પદાર્થ આપે છે. વાણી થી તે બ્રહ્મની સ્તુતિ થાય છે અને સામના રહસ્યને પ્રગટ કરે છે આ રહસ્યને જાણનાર ઉદ્‌ગાતા પોતાના સામ ગાયન દ્વારા યજમાનને મનોવાંછિત ફળની પ્રાપ્તિ કરાવે છે.

### આઠમો અને નવમો ખંડ

આ ખંડમાં ઋષિ શિલક, દાલભ્ય અને પ્રવાહણના સંવાદ દ્વારા ઉદ્‌ગીથનું વર્ણન કરેલ છે.

(ત્રણ ઋષિની આખ્યાયિકા - કથા)

એકવાર ત્રણ ઋષિ શાલાવનના પુત્ર **(૧) શિલક,** ચિકિતાયનના પુત્ર **(૨) દાલભ્ય** અને જીવલનો પુત્ર **(૩) પ્રવાહળ** પરસ્પર ઉદ્‌ગીથ પર જ્ઞાનચર્ચા કરવા લાગ્યા. ત્યારે પ્રવાહણ ઋષિએ શિલક અને દાલભ્યને પરસ્પર જ્ઞાનસંવાદ કરવાનું કહ્યું અને પોતે તેને સાંભળવા લાગ્યા.

**શિલક** - સામનો આશ્રય કોણ છે ?

**દાલભ્ય** - સ્વર સામનો આશ્રય છે.

**શિલક** - સ્વરનો આશ્રય કોણ છે ?

**દાલભ્ય** - સ્વરનો આશ્રય પ્રાણ છે.

**શિલક** - પ્રાણનો આશ્રય કોણ છે ?

**દાલભ્ય** - પ્રાણનો આશ્રય અન્ન છે.

**શિલક** - અન્નનો આશ્રય કોણ છે ?

**દાલભ્ય** - અન્નનો આશ્રય જળ છે.

**શિલક** - જળનો આશ્રય કોણ છે ?

જળથી અન્નની ઉત્પત્તિ થાય છે.

**દાલભ્ય** - જળનો આશ્રય સ્વર્ગલોક છે.

**શિલક** - સ્વર્ગનો આશ્રય કોણ છે ?

**દાલભ્ય** - સ્વર્ગનો આશ્રય મનુષ્યલોક (પૃથ્વીલોક) છે. આંહી સામ - ઉદ્‌ગીથ (ૐકાર)નું પુર્ણ જ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે તેથી હવે કોઇ પ્રશ્ન ન કર. તે સમયે બન્ને ઋષિનો જ્ઞાનસંવાદ સાંભળવા બેઠેલા **પ્રવાહણ ઋષિએ** કહ્યું તમારા બન્નેનું સામ (ૐકાર)ના વિષયમાં જ્ઞાન અધુરું છે. મનુષ્યલોકનો પણ કોઇક આશ્રય છે તેથી સાંભળો કહું છું - મનુષ્યલોકનો આશ્રય ચરાચર વિદ્યમાન આકાશ છે કારણ કે સમસ્ત જીવ આકાશમાં ઉત્પન્ન થાય છે અને આકાશમાં જ વિલીન થઇ જાય છે. આ આકાશાન્તર્યામી ઉદ્‌ગીથ રૂપ પરમાત્મા જ ઉપાસના કરવા યોગ્ય છે. જે પુરુષ અકાશાન્તર્યામી ઉદ્‌ગીથરૂપ પરમાત્માની ઉપાસના કરે છે તે પૂર્ણકામ થઇ જાય છે.આ રહસ્યનો ઉપદેશ પહેલાં **શુનકના પુત્ર અતિધન્વા ઋષિએ ઉદારશાણ્ડિલ્ય** નામક ઋષિને આપ્યો હતો.

ક્રમશઃ -

# ઉદ્ધવ સંપ્રદાય અને પ્રસ્થાનત્રયી

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

આપણે સૌ ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત છીએ. શ્રીજી મહારાજના સિદ્ધાન્ત મુજબ ઉદ્ધવ સંપ્રદાયમાં (સ્વામિનારાયણ સંપ્રદાયમાં) ચાલી આવતી વૈદિક અને શુદ્ધ પરંપરાને ટકાવી રાખવી સંપ્રદાયના એક સંત તથા એક સત્સંગિ હરિભક્ત કરીકે એ આપણી સૌની પવિત્ર ફરજ અને બહુ મોટી જવાબદારી છે. ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીએ શ્રીરઙ્ગક્ષેત્રને વિષે સમાધિમાં ગુરુ શ્રીરામાનુજાચાર્ય સ્વામી પાસેથી વૈષ્ણવી દીક્ષા અને વૈદિક જ્ઞાનનો ઉપદેશ પ્રાપ્ત કરીને ઉત્તર ભારતદેશમાં આવીને મુમુક્ષુઓને ભાગવતી દીક્ષા અને વૈદિક ધર્મ-જ્ઞાનનો ઉપદેશ આપીને સત્સંગનો પ્રચાર કર્યો અને ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા લઈને ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી. ત્યાર પછી શ્રીજી મહારાજે આ ધર્મધૂરા સ્વીકારીને અનેક સંતો સાથે મળીને ગામ અને નગરોમાં ફરી ફરીને વિશેષ પણે સત્સંગનો પ્રચાર કર્યો. ધર્મના નામે કુરીવાજો, દૂર્વ્યસનો, યજ્ઞ અને મંદિરોમાં પૂજાના નામે થતી હિંસાઓ આદિ અનેક ખોટી પરંપરાઓને દૂર કરીને શુદ્ધ વૈદિક ધર્મની સ્થાપના કરી. આ શુદ્ધ પરંપરા સદાય પૃથ્વી પર ચાલતી રહે તે હેતુથી શ્રીજી મહારાજે ન કેવળ પાંચસો પરમહંસો તૈયાર કર્યા પરંતુ તેનાથી પણ અનેક સંખ્યામાં મુમુક્ષુઓને ભાગવતી દીક્ષા આપીને સંતો કર્યા.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર જેવી રીતે ધર્મના પાયા છે, તેવી રીતે સંપ્રદાયના મૂળ ચાર પાયા છે - (૧) વૈદિક શાસ્ત્રો, (૨) આચાર્યો, (૩) સંતો અને (૪) હરિભક્તો. આ ચારે પાયા શુદ્ધ અને મજબુત હશે તો જ સંપ્રદાયને કોઇ આંચ નહી આવે અને મજબૂતીથી ઘણા વર્ષો સુધી ટકી રહેશે.

શ્રીજી મહારાજે ચારે પાયાને મજબુત રીતે સ્થાપ્યા છે. (૧) આચાર્યોની બે ગાદી સ્થાપી, (૨) સંતોની પરંપરા ચલાવી તથા (૩) હરિભક્તોની પરંપરા ચલાવી તેવીજ રીતે શ્રીજી મહારાજે અનેક સદ્‌ગુરુ સંતો દ્વારા અનેક સંસ્કૃત અને પ્રાકૃતભાષામાં (૪) શાસ્ત્રોની રચના કરાવીને આપણને આપ્યાં.

આપણો આ વૈદિક (ભાગવત) ધર્મ પૃથ્વી ઉપર શુદ્ધરૂપથી ટકી રહે તેવા હેતુથી આદિ આચાર્ય ભગવદ્‌પાદ શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય. શ્રીવિષ્ણુ સ્વામી, શ્રીરામાનંદ દંડી સ્વામી, શ્રીનીલકંઠસ્વામી આદિ બધા આચાર્યોએ વૈદિક ધર્મના અને વિશેષ કરીને વેદાન્ત (વેદોના રહસ્યોને - સિદ્ધાન્તોને સમજાવનારાં) પ્રસ્થાનત્રયી અર્થાત્ **(૧) ઉપનિષદો** (૨) વેદવ્યાસ રચિત **બ્રહ્મસૂત્ર** (શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે જેને **વ્યાસસૂત્ર** નામથી કહેલ છે) અને ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ગવાયેલી (૩) **શ્રીમદ્‌ભગવદ્‌ ગીતા.** આ ત્રણે વેદાન્તના મુખ્ય શાસ્ત્રો ઉપર દરેક આચાર્યોએ સ્વસિદ્ધાન્તને સ્થાપન કરનાર સંસ્કૃતભાષામાં ભાષ્યો લખીને જ્ઞાનજિજ્ઞાસુ લોકોને આપ્યાં. ત્યારથી વિદ્વાનોમાં એક એવી પરંપરા શરુ થઇ કે જે આવા પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો લખે તે જ વૈદિક ધર્મના આચાર્ય અથવા ધર્મગુરુ કહેવાય તથા તેમના દ્વારા સ્થપાયેલ સંપ્રદાય તે વૈદિક સંપ્રદાય કહેવાય. આ પરંપરા મુજબ ઘણા વિદ્વાનોએ શ્રીજી મહારાજને પ્રશ્ન કરેલ કે તમો વૈદિક ધર્મની સ્થાપના કરો છો અને ધાર્મિક મનુષ્યો આપને ધર્મના આચાર્ય કરીકે માને છે પરંતુ શું આપને વૈદિક ધર્મના મુખ્ય શાસ્ત્રો પ્રસ્થાનત્રયી ઉપર સંસ્કૃતમાં ભાષ્યો લખ્યાં છે ? સાચા અર્થમાં ધર્મના આચાર્ય ત્યારે જ કહેવાસો કે જ્યારે પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય

લખશો. શ્રીજી મહારાજે શ્રીરામાનુજાચાર્ય સ્વીકારેલ વિશિષ્ટાદ્વૈત મતને જ પોતાનો સિદ્ધાન્ત માન્યો છે તે જ વિશિષ્ટાદ્વૈત મતનું વિશેષ પણે પ્રતિપાદન કરનારુ સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી પાસે વ્યાસ સૂત્ર ઉપર **બ્રહ્મમીમાંસા** નામનું ભાષ્ય લખાવ્યું અને સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી પાસે **દશોપનિષદ્** અને **શ્રીમદ્‌ભગવદ્ ગીતા** ઉપર **ભાષ્યો** લખાવીને સંતો-ભક્તોને આપ્યાં, ત્યારથી આ ઉદ્ધવ સંપ્રદાયને વૈદિક સંપ્રદાય અને શ્રીજી મહારાજને વૈદિક ધર્મના આચાર્ય તરીકે વિદ્વત્સભામાં માન્યતા મળી. આવો ઈતિહાસ સંપ્રદાયમાં જોવા મળે છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં જે આઠ સત્શાસ્ત્રોને અતિ પ્રમાણભૂત સ્વીકાર્યા છે તેમાં પણ પ્રસ્થાનત્રયી આવે છે.

(૧)વેદાશ્ચ(૨)વ્યાસસૂત્રાણિ(૩)શ્રીમદ્‌ભાગવતાભિધમ્ । પુરાણં ભારતે તુ(૪) શ્રીવિષ્ણોર્નામસહસ્રકમ્ ॥ તથા (૫) શ્રીભગવદ્‌ગીતા (૬) નીતિશ્ચ વિદુરોદિતા । (૭)શ્રીવાસુદેવમાહાત્મ્યં સ્કાન્દવૈષ્ણવખણ્ડગમ્ । ધર્મશાસ્ત્રાન્તર્ગતા ચ (૮) યાજ્ઞવલ્ક્યઋષે સ્મૃતિઃ । એતાન્યષ્ટ મમેષ્ઠાનિ સત્છાસ્ત્રાણિ ભવન્તિ હિ॥

**'વેદાશ્ચ'** શબ્દમાં ઉપનિષદ્ આવી જાય છે. કેમ કે વેદનાં ચાર ચરણો છે. તેમાં એક ચરણ ઉપનિષદ્ પણ છે.

(૧) **'સંહિતા'** વેદનું પ્રથમ ચરણ છે. (૨) **'બ્રાહ્મણગ્રન્થો'** વેદનું બીજુ ચરણ છે. (૩) **'આરણ્યક' ગ્રન્થો'** વેદનું તૃતીય ચરણ છે. અને (૪) **'ઉપનિષદો'** વેદનું ચોથું અને અન્તિમ ચરણ કહેવાય છે.

શ્રીજી મહારાજે જે આઠ સત્છાસ્ત્રોને વિશેષ પણે સ્વીકાર્યાં છે તેમાં ઉપનિષદો, વ્યાસસૂત્ર તથા ભગવદ્‌ગીતા આ ત્રણે ગ્રન્થો આવી જાય છે. તેથી આવા ગ્રન્થો ઉપર સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીએ સંસ્કૃતમાં મહાન્ ભાષ્યો લખીને આપણને બહુ મોટો અમુલ્ય જ્ઞાનનો ખજાનો આપ્યો છે તેનો પરંપરાગતરીતે અભ્યાસ કરીને સાંચવી રાખવો એ આપણું કર્તવ્ય છે.

શ્રીજી મહારાજની આજ્ઞાથી સદ્‌ગુરુ નંદસંતોએ ખૂબ મહેતન કરીને વિદ્યાભ્યાસ કર્યો. શ્રીજી મહારાજના સિદ્ધાન્તને સમજવા માટે ખૂબ તપ કરીને રાત દિવસ મહેતન કરીને શાસ્ત્રોનું અધ્યયન કર્યું. તે શાસ્ત્રોને સરલતાથી બધાને સમજાય તે માટે શાસ્ત્રો ઉપર ભાષ્યો લખ્યાં છે. તે શાસ્ત્રો તે સયયની સુવિધાને અનુસાર મર્યાદિત સંખ્યામાં હસ્ત લિખીત પ્રતો લખીને સંતોની પરંપરામાં આવેલ, ત્યાર પછી વડતાલ મંદિરના વિદ્વાન્ સંતોએ સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી હરિજીવન દાસજી, સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી શ્વેતવૈકુંઠ દાસજી, આદિ વિદ્વાન્ સંતોએ તેમજ ભુજ મંદિરના વિદ્વાન્ મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મજીવન દાસજીએ આ સંતો સાથે રહિને આ બધી પ્રતોના રૂપમાં રહેલ શાસ્ત્રોને તેમાં શ્રીમુક્તાનંદ સ્વામી રચિત **બ્રહ્મમીમાંસા**. શ્રીગોપાળાનંદ સ્વામી રચિત **ઉપનિષદ્** તથા **ગીતા ભાષ્યાદિ** પુસ્તકના રૂપમાં પ્રથમ વાર વડતાલ મંદિર દ્વારા છપાવીને પ્રકાશિત કરેલ તેથી સંતો-ભક્તોને વાંચવામાં સરલ થયેલ. સદ્વિદ્યાનો પૃથ્વી ઉપર પ્રચાર થાય તે માટે આવાં વૈદિક શાસ્ત્રોનું પુનઃપુનઃ પ્રકાશન થતું રહે તો સંતો-ભક્તોને વૈદિક ગ્રન્થોને વાંચવાની સરલતા અને અવસર મળશે, આ સાથે સંપ્રદાયના પાયા સમાન વૈદિક જ્ઞાનની પરંપરા પણ ચાલતી રહેશે.

'બહુરત્ના વસુંધરા' આવાં કઠિન અને વેદાન્તિક શાસ્ત્રને વાંચવાવાળા સંતો અને હરિભક્તો આજે પણ સંપ્રદાયમાં છે તેમજ ધાર્મિક સમાજમાં જિજ્ઞાસુઓ પણ ઘણા છે. જરૂર માત્ર એ છે કે - તેમનાં સુધી આવાં શાસ્ત્રો પહોંચાળવાની અર્થાત્ છપાવીને સંપ્રદાયના તમામ મંદિરોમાં ઉપલબ્ધ કરાવવાની જરુર છે.

# જૈવી મતિ તૈવી ગતિ

અનંતકાળથી આ સૃષ્ટી ચાલી રહી છે. એણે શું ખબર કેટ કેટલું જોયુ હશે ખૂબ જ પહેલાના સમયની વાત છે. એક રાજાને એક સાથે બે પુત્રોનો જન્મ થયો. જુડવા પુત્રનો જન્મ અને એક જેવી જ શકલ-સુરત રાજા અને રાજાના પરિવારે વિચાર્યું કે આનું નામ શું રાખવામાં આવે?

બ્રાહ્મણ અને રાજપુરોહિતોથી પૂછીને એકનું નામ ચંદ્રપ્રકાશ અને બીજાનું નામ સૂર્યપ્રકાશ રાખવામાં આવ્યું તેમના જન્મોત્સવનું આયોજન પણ સુંદર રીતે સંપન્ન થયું. સમયનું કામ છે. વ્યતીત થવું. જેમ જેમ સમય વીતતો જાય છે બન્ને પુત્રો મોટા થયાં રાજા વૃધ્ધ, વૃધ્ધ રાજાએ રાજકાર્ય કરી શકવામાં અસમર્થતા પ્રગટ કરી રાજ્યને બે ભાગમાં વહેચી દીધું અને બન્ને પુત્રોને કહ્યું કે, હવે હું રાજકાર્ય ઉચિત ઢંગથી નથી ચલાવી શકતો માટે તમને બન્નેને જે પસંદ પડે તે હિસ્સો લઈ મને આ કારભારમાંથી મુક્ત કરો. મારી હાજરીમાં જ હું આ ભાગ કરવાનું ઉચિત સમજું છું.

આ બાજુ ચંદ્રપ્રકાશે રાજાની વાતમાં હા ભરી અને પોતાના ભાઈ સૂર્યપ્રકાશે કહ્યું જેવો પિતાનો નિર્દેશ તેવી જ રીતે તેમની આજ્ઞાનું પાલન થવું જોઈએ. સૂર્યપ્રકાશ બોલ્યા કે ભાઈ મારી ઈચ્છા તો સાધુ જીવન સ્વીકાર કરીને સાધના કરવાની છે. ખૂબ જ કહેવા છતા સમજાવવા છતાં સૂર્યપ્રકાશ ન માન્યા અને સાધુવેશ ધારણ કરીને રાજમહેલ છોડી દીધો.

ગામ-ગામ, નગર-નગર ધર્મના પ્રત્યે લોકોને જાગૃત કરી અને પોતે પણ સાધના કરી રહ્યા હતા. પોતાની ઈન્દ્રિયોને વશ કરવા માટે તેમણે લાગ્યું કે શરીરને ભોજન આપવાનું બંધ કરવું પડશે અને તેમજ કર્યું ક્યારેક એક,મહીનો, બે મહિના અને ક્યારેક તો પાંચ મહિના સુધી ઉપવાસ કરવા લાગ્યાં પછીતો લાગ લગાટ પંદર દિવસ પૂરા થાય ત્યારે એકવાર ભોજન કરી પાછા પંદર દિવસના ઉપવાસ આવી રીતે કરતા કરતા લગભગ એક હજાર વર્ષ પૂરા થવા આવ્યા.

બીજી તરફ રાજકાર્યને જોતા-જોતા ચંદ્રપ્રકાશ પણ ખૂબ જ ન્યાયપૂર્વક રાજકાર્યમાં રત રહ્યાં. ક્યારેક ક્યારેક ભાઈ સુર્યપ્રકાશ જે સંત હતા તેમના દર્શનાર્થે વિશાળ જનસમૂહની સાથે આવતા આ રીતો કેટલીયવાર પોતાના ભાઈઓ દર્શનનો લાભ તેમણે લીધો. રાજા ચંદ્રપ્રકાશના રાજ્યમાં જેમ ભગવાનનું રાજ્ય હોય તેવી રીતે પ્રજા ખૂબ જ ખુશ અને સુખી હતી. પ્રજામાં ક્યારેય દુરાચાર પણ નહી. કહ્યું છે ને "જેવો રાજા તેવી પ્રજા."

સમય પસાર થતો રહ્યો સમયની બલિહારી તો જુઓ એક વખત સંત સૂર્યપ્રકાશ કોઈક નાના ગામમાં હતા. રાજા ચંદ્રપ્રકાશ વિશાળ જન સમુદાય સાથે તેમના દર્શન કરવા તે ગામમાં જાય છે. ત્યાં ખબર પડે છે સંત સૂર્યપ્રકાશ ખૂબ જ કમજોર થઈ ગયા છે. અને ખૂબ જ બિમાર છે. રાજા ચંદ્રપ્રકાશ અને જન સમુદાયે સંતને

નિવેદન કર્યુ કે આપ આ નાના ગામમાં વિરાજી રહ્યા છો. અહી ઔષધિ આદી સાધન નથી માટે આપ અમારી સાથે રાજધાનીમાં આવીને ત્યાં શારીરિક ઉપચાર કરાવો જેથી અમો સૌને આપના નિત્ય દર્શનનો લાભ પણ મળે. ખૂબ જ આગ્રહ કરતા સૂર્યપ્રકાશમુનિ રાજા ચંદ્રપ્રકાશના નગરમાં ચાલવા માટે સહમતિ દર્શાવી.

રાજધાનીમાં પધારતાં જ રાજવૈદ દ્વારા ઉપચાર શરૂ કરી દીધા અને લગભગ ત્રણ મહિનામાં સંત બિલકુલ ઠીક થઈ ગયા. હવે જરા પણ બીમારી ન હતી ફક્ત શરીરમાં નબળાઈ હતી તેનો પણ ઉપચાર ચાલુ હતો. રાજા ચંદ્રપ્રકાશે વિચાર્યુ કે હવે સંત એકદમ બરાબર છે માટે તેમણે હવે આગળના ગામે વિહાર કરવો જોઈએ કારણ કે ચાલતા યોગી અને વહેતું પાણી નિર્મળ અને શુધ્ધ રહે છે.

રાજા ચંદ્રપ્રકાશને હવે સંત ઉપર શંકા થવા લાગી. એક હજાર વર્ષની તપસ્યા કરવાવાળા સંતના મનમાં કાઈક વિકાર દેખાવામાં આવી રહ્યો હતો. સંતનું શરીર તો ઠીક થઈ ગયું હતું પણ મનવિકૃત થઈ ગયું હતું. રાજાએ વિચાર્યુ શું કરવું જોઈએ. તેમણે ડાયરેક્ટ કહેવું ઉચિત નથી પરંતુ રાજાએ એક દિવસ સંતને નિવેદન કર્યુ કે આપને અહીંથી વિહાર કરવો જોઈએ. આપનો વિચાર કઈ તરફ વિહાર કરવાનો છે. ત્યારે સંત સૂર્યપ્રકાશ બોલ્યા મારો વિચાર હવે અહીં જ રહેવાનો છે. સંત સૂર્યપ્રકાશ પોતાના ભાઈ(રાજા)ને કહ્યું જુઓ ભાઈ તમને તો રાજ્યનું સુખ ભોગવતા એક હજાર વર્ષ થઈ ગયાં હવે મારી ઈચ્છા પણ રાજ્ય સુખ ભોગવવાની છે. આ વાત સાંભળ્યાં પછી રાજા ચંદ્રપ્રકાશ બોલ્યા મુનિવર આપનો અને મારો ચહેરો તથા શરીરનો બાંધો એક જેવો છે (જુડવા હતા). તમે અને હું કપડા બદલી લઈએ આપ રાજ્યમાં પધારો અને હું મુનિ બની જાઉ જેથી આ પ્રજાને ખબર નહીં પડે અને તમારી ઈચ્છા પણ પૂર્ણ થશે વાત નક્કી થઈ ગઈ. આ બાજુ રાજા ચંદ્રપ્રકાશની મહારાણી પણ સાધ્વીનો વેશ ધારણ કરી નગરમાં પધારેલા સાધ્વીઓની સાથે ચાલી ગઈ. કોઈને કાંઈ પણ ખ્યાલ ન આવ્યો.

કહેવાય છે કે આ બન્ને ભાઈનું આ પુણ્ય હવે માત્ર અઢી દિવસનું જ બાકી છે. ચંદ્રપ્રકાશે અઢી દિવસમાં સાધુવેશમાં જે સંતને કરવું જોઈએ તે બધું જ કર્યું. સૂર્યપ્રકાશે રાજા બનીને સાધુ જીવનના એક હજાર વર્ષમાં જે કર્યુ હતું તે બધુ જ ખોઈ દીધું.

વાત કેટલી સાચી છે. હું નથી જાણતો પરંતુ વાત એટલી પ્યારી અને મીઠ્ઠી છે કે સત્ય હોવી જ જોઈએ. અંનતની લીલાને કોણ કેવી રીતે જાણી શકે ? આજે અઢી દિવસ પૂરા થઈ ગયા કહેવાય છે કે ચંદ્રપ્રકાશે સાધુવેશમાં અઢી દિવસ જે કર્યું તેમાં તે સર્વથા સિધ્ધ સ્વર્ગમાં ગયાં અને જે સંત સૂર્યપ્રકાશે એક હજાર વર્ષ સુધી તપસ્યા અને સાધના કરી હતી તે માત્ર અઢી દિવસમાં જ વ્યર્થ કરી રાજભોગ અને સુખમાં વ્યતીત કર્યા તેનો આગળનો ભવ બગડી ગયો. કોઈએ સાચું જ કહ્યું છે કે, "અંતમાં જેવી મતિ હોય તેવી તેની ગતિ થાય."

કર્મનો ખેલ અનોખો છે. કર્મ કરવામાં બધા જ સ્વતંત્ર છે. પરંતુ જયારે ઉદયમાં આવે છે ત્યારે વ્યક્તિ પરતંત્ર બની જાય છે. તે તો ભોગવવા જ પડે છે. આપણે સૌએ કર્મ કરતા (બાંધતા) સમયે વિચાર કરીને સમજીને કોઈ પણ કાર્ય કરવું જોઈએ.

અહેવાલ :- ઘનશ્યામ બી. સાંખલા,
દોલતપર હાલે આણંદ

# માનવજીવનનું લક્ષ્ય

અહેવાલ :- અનુભાઈ રામજીભાઈ પોકાર, ઘડાણી હાલે સુરત

આપણે જીવન કોને કહીએ ? ખાવું-કમાવું, વિવાહ-લગ્ન, લેણ-દેણ, વ્યવહાર વ્યાપાર વગેરે સાધારણ ક્રમોને પૂરાં કરતાં કરતાં મૃત્યું સુધી પહોંચી જવું બસ શું આજ જીવન છે ? આપણે આના માટે જ જીવીએ છીએ, આપણી જિંદગીનું ધ્યેય શું છે ? એક આજીવિકા સાધનો ભેગા કરવા એક પરિવાર વસાવો, બાળકનું પાલન પોષણ કરીને તેમના વિવાહ લગ્ન કરી એમને વ્યવસ્થિત સેંટલ કરી દેવાં. એજ સાધારણ રીતે લોકોએ જીવન લક્ષ્ય માની લીધું છે. પરંતુ જીવનનું આ અંતિમ લક્ષ્ય ન હોવું જોઈએ. અંતિમ લક્ષ્ય તો કાંઈક સર્વોત્તમ પ્રાપ્ત કરવું. જે પ્રાપ્ત કરવાથી આપણને જ માત્ર નહીં પરંતુ બીજાના ઉપયોગમાં આવે. આ દેહ છોડ્યા પછી આપણને અક્ષરધામ મળે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની સમીપે આપણો અખંડ વાસ થાય એ આપણા જીવનનો ધ્યેય લક્ષ્ય હોવો જોઈએ.

મનુષ્યનો દેહ મોક્ષની ઈચ્છા અને મોટાં પુરુષનો યોગ મળવો એ અતિ દુર્લભ છે. એ તો જેના પર ભગવાનની અગાધ કૃપા હોય તેને જ મળે છે. સૌથી પહેલાં તો મનુષ્ય જન્મ મળવો એ અતિ દુર્લભ છે. કદાચ માની લો કે મનુષ્ય જન્મ મળી ગયો એટલે શું બધું મળી ગયું ? ના. સાથે સાથે મોક્ષની ઈચ્છા જાગવી એ પણ દુર્લભ છે. આજે માનવી જન્મે છે રડતો રડતો, જીવે છે ફરીયાદ કરતો કરતો અને મરે છે નિસાસા નાખતો નાખતો. આ કાંઈ જીવન થોડું છે.

જીવનમાં વરસો ભરવા કરતાં વરસોમાં જીવન ભરવું એ વધારે મહત્ત્વનું છે. ખાઈ પીને ચાલ્યા જનારનું મરણ થાય છે. જ્યારે સારા કામ કરી જનારનું સ્મરણ થાય છે. ત્રણ અક્ષરના બનેલાં જીવન શબ્દમાં 'જી' એટલે જીવવું, 'વ' એટલે વધવું અને 'ન' એટલે નમવું, આવો સુગમ સમન્વય એનું નામ જીવન. જીવનમાં સુવાસ અને પ્રભુમાં વિશ્વાસ આ સૂત્રને જીવનમાં ઉતારીએ તો જીવન ધન્ય બની જાય. મનુષ્ય જીવનમાં એમને એમ મરી જવું તેના કરતાં કાંઈક કરીને જવું તે જીવન શ્રેષ્ઠ છે. આપણે કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી પણ કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.

હવે કેવું જીવન જીવવું તે આપણને નક્કી કરવાનું છે. સમાજમાં મરણ તો રોજ અનેકના થાય છે. પણ સ્મરણ તો અમુકનાં જ થાય છે. આપણા ઋષિમુનિ-સંતોએ આપણને માનવદેહ આપતાં પહેલાં આ દેહનો કેમ ઉપયોગ કરવો તેની ગાઈડ લાઈન માટે શિક્ષાપત્રી, વચનામૃ, ગીતા વગેરે અનેક શાસ્ત્રો આપ્યાં છે તે વાંચીને આપણને તેના આધારે જીવન જીવીએ તો સહેલાઈથી દેહને અંતે ભગવાન પાસે પહોંચી જવાય પરંતુ માણસ વ્યસન ને ફેસનમાં ફસાઈ જાય તો તેનું જીવન ગંધાતી ગટર કે ઉકરડાં જેવું બની જાય છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે જે પંચ વિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિવેક નહીં કરે તો તે નારદ-સનકાદિક જેવો હશે તો પણ તેની બુધ્ધિ ભ્રષ્ટ થઈ જશે અને પ્રભુની વિસ્મૃતિ થઈ જશે.

સંસારમાં સુખ નથી રાખના પડીકાં છે, અધુરપનો અહેસાસ છે તેમાં તૃપ્તિનો ઓડકાર આવે તેમ નથી. જરૂરિયાત મુજબ જિંદગી જીવો ખ્વાહિશ મુજબ નહીં. જરૂરિયાત તો ફકીરની પણ પૂરી થાય છે અને ખ્વાહિશ બાદશાહની પણ અધૂરી રહે છે.

ટૂંકમાં માનવીએ જરૂરી સંપર્ક સૌનો રાખવો પણ બંધનરૂપ સંપર્ક કોઈનો નહીં. જીવનની અંતિમ સફળ

સાધનાનું રહસ્ય આ છે, મેળવવું, આપવું ને અંતરથી છોડી દેવું સંસારની પછેડી ભગવાને એવી બનાવી છે કે પગ ઢાંકવા જાય તો માથું ઉઘાડું રહે અને માથું ઢાંકવા જાય તો પગ ઉઘાડા રહે. એક વેંત ઓછી જ પડે. માનવી આખી જિંદગી સગાં સંબંધીને ખોટું ન લાગે તેમ વ્યવહારમાં સતત ધ્યાન રાખીને પ્રયાસ કરતો રહે છે. પરંતુ જેણે આવો અમૂલ્ય માનવ દેહ આપ્યો એ મહાપ્રભુને ખોટું ન લાગે એમ જીવતર જીવતા શીખવું જોઈએ એ પણ જરૂરી છે.

માનવ શરીર કેવળ ભોગ ભોગવવા મળ્યું નથી, ભગવાનનું ભજન કરવા મળ્યું છે. શ્વાસનો કોઈ વિશ્વાસ નથી તે તો કહ્યા વગરનો બંધ થઈ જવાનો છે. માટે શ્વાસે-શ્વાસે ભજનની ટેવ પડે તેમાં જ આપણા સર્વનું હિત છે.

આપણે પૂર્ણ પૂરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના આનંદમાં રહીશું તો બીજો આનંદ ગમશે નહીં. હવે તો જીવનને ભગવાનમય બનાવવાના ધ્યેય સાથે મંડી પડવું એ જ હિતાવહ છે.

---

# મહામૂલી જિંદગી

અહેવાલ :- ગોર કૃપા પ્રકાશભાઈ

વાચક મિત્રોને જયશ્રી સ્વામિનારાયણ !

એક સંત હતા. તે વહેલી સવારે પોતાના આશ્રમમાં બેઠા-બેઠા પત્રાવલિ તૈયાર કરી રહ્યા હતા. અને સાથે સાથે મનમાં ધર્મનું ચિંતન પણ કરી રહ્યા હતા. તે સમયે એક યુવાન ત્યાં આવ્યો અને એ સંતની સમીપે બેઠો.

એ યુવાનને જોઈ સંતે તરત જ સમજી ગયા કે આ યુવાન કોઈ દુઃખમાં સપડાઈ ગયો લાગે છે. તેના ચહેરા પર નિરાશા દેખાય છે. એમણે યુવાનને પૂછ્યું : ભાઈ તને શું દુઃખ છે? આટલો બધો નિરાશ શા માટે?

યુવાન બોલ્યો, હું એક ઓફિસમાં નોકરી કરતો કર્મચારી છું. મારે મોટું કુટુંબ અને જવાબદારી છે. પગારમાં મારા કુટુંબની જવાબદારી પૂરી કરી શકતો નથી. આ પરિસ્થિતિથી હું કંટાળી ગયો છું ને આપઘાત કરી જીવનનો અંત લાવવાની ઈચ્છા થયા કરે છે.

સંતે કહ્યું : તને હું કંઈ કહું તે પહેલાં તું મારું એક કામ કર. મેં તૈયાર કરેલા આ બધાં જ પતરાળાં તું પેલી કચરા ટોપલીમાં ફેંકી આવ. આ સાંભળી યુવાને આશ્ચર્ય પામી પૂછ્યું, ‘‘અરે, ખૂબ જ મહેનતથી આપે આ પત્રાવલીઓ તૈયાર કરી છે. એને આપ ફેંકી દેવાનું કહો છો ? એ કંઈ એંઠી જૂઠી નથી. આવી નવી નકોર પત્રાવલીઓ કંઈ ફેંકી દેવાય?’’

ત્યારે સંત બોલ્યા : તો ભાઈ ! આવા મહામૂલા જીવનને ફેંકી દેવા તું કેમ તૈયાર થયો છે ? જીવનથી જે કંટાળે છે તેને જીવનનું મૂલ્ય કદી સમજાતું નથી. દુઃખ અને નિરાશાને ખંખેરી નવી આશા સાથે આ મહામૂલી જિંદગીમાં આગળ પ્રયાણ કર. નિરાશાએ જીવનનો અંધકાર છે, જ્યારે આશા એ સાચી દશામાં જીવવા માટેનો એક પરમ પ્રકાશ છે. આ વાત તારે કાયમ યાદ રાખવી.

આમ, અંતમાં એટલું જ કહેવાનું બાકી રહે છે કે ૮૪ લાખ યોનિઓમાંથી આપણને આ અતિ દુર્લભ એવો મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે પણ તેનો ઉપયોગ ક્યાં, ક્યારે અને કેવી રીતે કરવો તે આપણને સમજાતું નથી. એટલે જ આપણે આત્મહત્યાના વિચારો આવે છે પરંતુ હવે જ્યારે પણ આવું કંઈ થાય ત્યાપે પરમાત્મા શ્રી પુરુષોત્તમ નારાયણને યાદ કરવા. સ્વામિનારાયણને યાદ કરવા. તેમના નામનું સ્મરણ કરવું જેનાથી આપણા મનને પરમ શાંતિ મળશે અને ખરાબ વિચારો આપોઆપ દૂર થઈ જશે અને સંત પાસે પોતાના દુઃખની વાત કરવી.

# ધ્યાન તો તેરા હી હોગા !!

અહેવાલ :- રસિકભાઈ રા. ગોળવિયા, સુરત વેળાવદરવાળા

એક વાર શ્રીજી મહારાજ મેમદાવાદ ગામની ભાગોળે વડના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. સાથે સાથે મુક્તાનંદ સ્વામી આદિ ૬૦ સંતો પણ સભામાં બેઠા હતા. તેવામાં હિન્દીભાષી ઉતરપ્રદેશના એક સંત ગામડાઓમાં સત્સંગ કરાવીને આવ્યા. તે સ્વામીનું નામ હતું તત્ત્વાનંદ સ્વામી જે મહારાજના એકાંતિક ખરીનિષ્ઠા અને નિશ્ચયવાળા સંત હતા. ગામડે ગામડે ભગવાન સ્વામિનારાયણને ઓળખાવે પ્રચાર કરે, વર્તમાન ધરાવી કંઠી બાંધી સત્સંગ કરે. આવા તત્ત્વાનંદ સ્વામી મહારાજ સન્મુખ સભામાં આવી દંડવત્ પ્રણામ કરી દરેક સંતોને નમન કરી શ્રીહરિના ચરણ આગળ બેઠા.

શ્રીજી મહારાજે સંત હિન્દીભાષી હોય ને સહજ રીતે હિન્દીભાષામાં સમાચાર પૂછ્યા કે તત્ત્વાનંદજી કૈસે હો ? અચ્છા હૈ, મહારાજ ત્યારે તત્ત્વાનંદ તરફ જોઈને કહે હવે અમે એક પ્રકરણ બદલ્યું છે. કોન સા પ્રકરણ ? તત્ત્વાનંદ સ્વામીને ગુજરાતી આવડતું ન હતું પણ સમજી જરૂર શકતા હતા. તો મીક્સ બોલતા બોલવામાં ગડબડ પણ રહેતી. પણ મહારાજ ભાવાર્થ સમજી જાતા. મહારાજ કહે અમોએ એવું પ્રકરણ બદલ્યું છે આજથી તમારે બધાએ મુક્તાનંદ સ્વામીનું ધ્યાન કરવાનું છે, અમારું નહી ! અને તે સાંભળી તત્ત્વાનંદ સ્વામી ખીજાયા. મહારાજની સામે હાથ લાંબો કરી બોલ્યા. વો તો નહીં બનેગા. ધ્યાન તો તેરા હી હોગા. તોછડી ભાષા લાગે પણ જે બે જેમાં બહુ પ્રેમ હોય તે તેના પ્રત્યે તોછડી કે કાલી ભાષા બોલી શકે છે. જેમકે ભગવાન માતા મગેરેને કાલી ભાષા કે તોછડી ભાષાથી વાત કરી શકાય છે તે અતિપ્રેમનું લક્ષણ છે.

તત્ત્વાનંદ સ્વામીએ ખીજાઈને કહ્યું ધ્યાન તો તમારું જ થાશે. બીજા કોઈનું ક્યારેય કોઈનું નહીં થાય. ત્યારે મહારાજ કહે પણ અમોએ પ્રકરણ બદલ્યું છે. તમારે માનવું નથી ? ત્યારે તત્ત્વાનંદ સ્વામી આકળા થઈ ફરી કહ્યું નહીં માનુંગા અને ખીજમાં બે વખત બોલ્યા ધ્યાન તો તેરા હી હોગા !! ધ્યાન તો તેરા હી હોગા !! ત્યારે મહારાજ ખીજાયા અને બોલ્યા તત્ત્વાનંદજી જો તમારે અમારું ન માનવું હોય તો તમો અમારાથી વિમુખ છો. ઊભા થઈ જાવ અને આ સભામાંથી બહાર જતા રહો. તત્ત્વાનંદ તો ઊભા થઈ ગયા. થોડે દૂર એક વૃક્ષ હતું તેની નીચે જઈને બેઠા.

પછી ભગવાન શ્રી સ્વામિનારાયણે બીજા એક એક સંતોને બોલાવીને કહ્યું કે તમો મુક્તાનંદ સ્વામીનું ધ્યાન કરશો કે નહી ? એ સંતો નિશ્ચય અને નિષ્ઠામાં પાકા હતા એ સંતોએ ના પાડી અમો મુક્તાનંદ સ્વામીનું ધ્યાન નહીં કરીએ. ધ્યાન તો તમારું જ કરીશું. આમ ના પાડી દીધી. આથી તે બધા જ સંતોને ઊભા કરી મુકી વિમુખ કહી ચાલતા કરી દીધા. તે બધા સભામાંથી ચાલતા થઈ તત્ત્વાનંદજી બેઠા હતા ત્યાં જઈને બેસી ગયા. આમ ૬૧માંથી તત્ત્વાનંદ સહિત ૬૦ સંતોને ઊભા કરી વિમુખ કરી દીધા. એ બધા તત્ત્વાનંદજીની સાથે દૂર બેસી ગયા.

આ વડ જયાં સભા થઈ હતી ત્યાં માત્ર મહારાજ અને મુક્તાનંદ સ્વામી બેજ જણ રહ્યા. પછી શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું. સ્વામી શું કરીશું ? તમારું ધ્યાન કરવાનું કહ્યું તો કોઈ માન્યા નહી. બધા દૂર જઈને બેઠા. ત્યારે બુધ્ધિશાળી એવા મુક્તાનંદ સ્વામીએ કહ્યું, હે મહારાજ ચાલો આપણે પણ ત્યાં જઈને બેસીએ. ત્યારે મહારાજ અને મુક્તાનંદ સ્વામી તત્ત્વાનંદજી સાથે થઈ સંતો બેઠા હતા ત્યાં ગયા. અને મહારાજ બહુ રાજી થયા અને સહુ સંતોને ભેટ્યા અને બોલ્યા, હે સંતો તમે બધા સાચા અને નિષ્ઠાવાન છો. અમો પણ તમારા પંથમાં આવી ગયા.

આમ મહારાજ સાથે સંતો આવા નિષ્ઠાવાન અને

પાકા નિશ્ચયવાળા હતા. કદાચ બ્રહ્માજી આવીને ડગાવેતો પણ ન ડગે તેવા હતા. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં પણ લખી દીધું છે કે ધ્યાન તો ભગવાન અને ભગવાનના અવતારોનું જ થાય, ગમે તેવો મુક્ત કે સિધ્ધ હોય કે બ્રહ્મવેત્તા હોય તો પણ તેનું ધ્યાન ન થાય. આવી નૌતમ લીલાઓ મેમદાવાદની ભાગોળે કરી, જે આપણને સૌને એક આદર્શ પૂરો પાડે છે. અને આવી લીલા જો યાદ રહી જાય તો બેડો પાર થઈ જાય. ભગવાન એટલે ભગવાન અને તેના અવતારો તેનું જ ધ્યાન કરવું, બીજા કોઈનું ધ્યાન ક્યારેય નકરવું. તત્ત્વાનંદ સ્વામીના શબ્દો ધ્યાન તો કેવળ તેરા હી હોગા તે આપણા મનમાં ગુંજવો જોઈએ, હૃદયમાં ધારવો જોઈએ.

# કેવી અગ્નિ પરીક્ષા !

**અહેવાલ :- જોધાણી રમીલા દેવજી, માનકુવા - ભક્તિનગર**

હાલાર દેશમાં જામનગર તાબે કેરીઆ ગામમાં રામજીભાઈ કરીને સત્સંગી હતા. તેમના ચાર દિકરાઓ હતા. જીવાભાઈ, આંબાભાઈ, રૂપજીભાઈ, પાંચાભાઈ માતા-પિતા જેવા જ પરમ ભગવદીય હતા. રૂપજીભાઈનું જીવન બાળપણથી જ આદર્શમય હતું. એક દિવસ પિતાના આગ્રહથી રૂપજીભાઈ ભાગવતની કથા સાંભળવા ગયા. રામજીભાઈ જતા વેંત શ્રોતાજનોએ માર્ગ કરવા માંડ્યો. તે જોઈ રૂપજીભાઈ પૂંછ્યું આગળ ક્યા જાવ છો ? પિતાએ જવાબ આપ્યો, તું મારી સાથે આવ. આગળ બેસીએ. સ્ત્રી-પુરુષના એકત્ર સમુદાયની મધ્યમાં સ્થાન લેવાનો સંકલ્પ સમજીને પ્રિય ન લાગ્યો. તેઓ કહી દીધું કે આ રીતે ધર્મને ખોટો કરી કથા સાંભળવી તેના કરતા ઘેર રહી ભજન કરવું એ મને વધારે પ્રિય લાગે છે.

માતાએ તો બાળ અવસ્થામાં મૂકીને ત્યાગ કર્યો. આ વખતે રૂપજીની ઉંમર માત્ર ૧૪ વર્ષની હતી. એક વખત પોતે અલગ રહી એક વાણિયાને ત્યાં નોકરી રહ્યા. જો જો ભક્તો કેવી આકરી કસોટીમાંથી પસાર થાય છે ! વાણિયો મહાન કપટી અને પ્રપંચી હતો. નોકરી કરવા લાગ્યા રૂપજીભાઈ આવ્યા ત્યારથી વાણિયાની સ્થિતિ સુધરતી ગઈ. પૈસા સારા કમાવા લાગ્યો. રૂપજીભાઈ સ્વભાવે સરળ હતા. તેથી વાણિયાના કપટની તેને ખબર ન પડતી. રોજ-રોજ કામનો બોજો તેના ઉપર નાખી દેતો. સ્વામી નિષ્ઠાથી શ્રમ કરવા બંધાઈ ગયા. ત્રણ-ત્રણ વર્ષ સુધી પગાર ન માંગ્યો. પગાર માગ્યો ત્યારે કપટી વાણિયાએ કઈ દીધું કે તારા પગારના બધા પૈસા આપી દીધા છે. છતાં શેના માગે છે ? વિનંતી કરીને કહ્યું કે, મારા પૈસા આપો, ન આપ્યા કપટી વાણિયો માને શાનો ? કેટલાક વાણિયાનો દોષ કાઢવા લાગ્યા. કેટલાક તો રૂપજીની અજ્ઞાનતા માથે હસવા લાગ્યા. વળી, ગામના લોકો વાણિયો ધનાઢ્ય હોવાથી તેનો પક્ષ રાખવા લાગ્યા. બધા મળી રૂપજીનો નિકાલ માટે મહાન પરીક્ષા કરી. લોઢાની સાંકળ અગ્નિમાં તપાવી લાલ ચોળ થાય ત્યારે રૂપજી પોતે ગળામાં પહેરે તો રૂપજીનું કહેવું સાચું નહિ તો વાણિયાને માથે મિથ્યા આરોપ મૂકવાનો તેને દંડ લેવો. વાણિયો રાજી થયો કે આલી આકરી પરીક્ષા રૂપજી આપી શકશે નહિ. રૂપજી સરળ સ્વભાવના હોવાથી તેમને પરીક્ષા આપવાનો સ્વીકાર કર્યો. દિવસ અને સમય નક્કી થયો. વાણિયો હાજર થયો. આખું ગામ ભેગું થયું. કેટલાકની રૂપજી માથે દયા આવી. લોખંડની સાંકડ તૈયાર રાખવામાં આવી. સાંકળ તપાવવામાં આવી. જ્યારે લાલ ચોળ થઈ ત્યારે આ સાંકળ રૂપજીના ગળામાં પહેરાવી. રૂપજીભાઈ તો તરત જ મેદની પર ઊભા રહ્યા. સમાધીમાં ભગવાને દર્શન

આપ્યા. અભયદાન આપતો વામ હસ્ત તેમના મસ્તક ઉપર ચડ્યો. રૂપજીને હિંમત આવી. સર્વ લોકો જોઈ રહે તેમ જય સ્વામિનારાયણની ગંભીર ગર્જના કરી. ધગધગતી સાંકળને ઉઠાવી ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા. જુઓ તો ખરા, કેવી અગ્નિ પરીક્ષા !


ગામના લોકોએ અને પટેલે મળી વાણિયાને પૈસા આપવા સૂચવ્યું. રૂપજીભાઈને પરમભક્ત માનવા લાગ્યા. ગભરાતા વાણિયાએ પોડા ઘણા પૈસા રૂપજીને આપ્યા. સ્વામિનારાયણની કીર્તિ સંપૂર્ણપણે પ્રસરી ગઈ. અને ઈશ્વર કૃપાથી સંપ્રદાયનું વૃક્ષ વિકસ્યું. ધન્ય છે આવી મહાનતાને એ જ કવિ. જેને આપણો ''જમો થાળ જીવન જાઉં વારી'' થાળ બનાવ્યો એ જ ભૂમાનંદ સ્વામી. જેને શ્રીઘનશ્યામ લીલામૃત સાગર નામનો મહાન ગ્રંથ બનાવ્યો.

# કર્મકાર્યના ખાતામાં પણ જમા-ઉધાર છે

**અહેવાલ :- હિંમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'**

**શિક્ષાપત્રી શ્લોક - ૧૭નો ભાવાર્થ :-**
**સ્તેનકર્મ ન કર્તવ્યં ધર્માર્થમપિ કેનચિત્ ।**
**સસ્વામિકાષ્ઠપુષ્પાદિ ન ગ્રાહ્યં તદનાજ્ઞયા ॥**

શ્રી સહજાનંદ સ્વામી મહારાજ પ્રબોધે છે કે મારા આશ્રિતો હોય તેમણે ધર્મકાર્ય કરવાને અર્થે પણ ચોરીનું કર્મ ન કરવું અને ન ધણીયાતી જે કાષ્ટ પુષ્પાદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના લેવી નહિ.



આ જગતમાં જીવના જન્મ સાથે જ પરમાત્મ સત્તાએ તેને સતત અને ક્ષણે ક્ષણે કર્મ કરવા માટે બાધ્ય કરેલ છે. કર્મ મનસા, વાચાને કર્મણા ત્રણેય રીતે થાય છે. આ મૂળભૂત સિદ્ધાંત પર આધારિત કર્મ કયું કરવું અને ન કરવું અને શા માટે કરવું કે ન કરવું તેની સમજણ જીવે મેળવવાની છે.

શતાનંદ સ્વામી આ શ્લોકને વિસ્તારીને ઊંડાણથી સમજાવતાં જણાવે છે કે ચોરી ન કરવી. ચોરી માનવ સ્વાર્થ માટે કરે છે ને ક્યારેક પરમાર્થ ને ધર્મ માટે પણ કરે છે. શિક્ષાપત્રીમાં આવા તમામે તમામ ચોર કર્મોને વર્જ્ય ગણ્યા છે.

ચોરીનું કર્મ એટલે ધણીની હાજરીમાં બળાત્કારે અથવા તો ગેરહાજરીમાં પારકા દ્રવ્યનું હરણ કરાય છે તે. ચોરીનું કર્મ બીજાના હ્રદયને કલેશ આપે છે. તેથી નિષેધ છે.

ચાલો સાવ સરળ ઉદાહરણ જોઈએ, મંદિરે દર્શને જતા દર્શનાર્થીએ રસ્તે કોઈના બંગલામાં શોભતા ગુલાબ, ડોલર, મોગરાના ફૂલોને ધણીની રજા વિના તોડી તેની માળા બનાવી મૂર્તિને ન પહેરાવાય ચૌર્ય કર્મ વર્જ્ય છે. આપણી પ્રાથમિક શાળાના નાનકડા બાળકોને શીખવાડાતું કે એક જીવરામ ભગત વાડીમાંથી પસાર થતાં રીંગણ, ચીકુ, જામફળ ઈત્યાદિ જોઈને લલચાઈ ગયાને યુકિતકાઢી તેને ચોરી જવા માલિક નહોતો તો પેલા ઝાડને જ પૂછી લીધું - વાડી રે. વાડી, રીંગણા છે મજાના તોડું બેચાર, તોડને ભાઈ ચાર-આઠ, પૂછે જીવરામ પોતે ને જવાબ પણ આપે પોતે... લ્યો કેવો હતો ઉસ્તાદ ચોર..! પણ આપણું મન દલીલ કરે અરે યાર હું મારા માટે કયાં માંગું છું ? હું તો મંદિર માટે, ભગવાન માટે માંગું છું ને આમેય છે તો બધું જ ભગવાનનું ને. એમાં ચોરી કયાં આવી ..?

''મનમરકટ બડા કુટિલ હૈ, ઊલટ પૂલટ કર જાય,
નીતિ-ધર્મ કે નિયમ કો, ક્ષણક્ષણ મેં પલટાય.''

યમસ્મૃતિના દાનખંડમાં સમજાવ્યું છે કે, પારકા દ્રવ્યનું હરણ કરીને દાન કરવું કે કોઈ પણ ધર્મ સંબંધી કાર્ય કરવું તેમાં બે ક્રિયાઓ થાય છે. એક ક્રિયા પાપરૂપ છે અને બીજી ક્રિયા પુણ્યરૂપ છે. બરોબર સમજી લઈએ. પારકું ચોરવું એ પાપ ને ધર્મ કાર્ય કરવું એ પુણ્ય થઈને બે ક્રિયાઓ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની શિક્ષાપત્રી તો એવી આજ્ઞા કરે છે કે જો જંગલ સરકારી માલિકીનું હોય તો તેની પણ કોઈ ઉપજ વિના પૂછયે લેવી પાપ મનાય છે.પરંતુ આજે સરકારી જમીનો પર જ સામૂહિક દબાણ થાય. જગંલના જંગલોને ઓલ્યો ચાંચવાળો લક્કડખોદ પક્ષી ન ખાઈ શકે પણ આ સફેદ બગલા જેવા ચોરો ઝાડને જડમૂળથી જ રહેંસી નાખે. પરિણામે પ્રકૃતિની સમતોલતા જોખમાઈ છે, વાવાઝોડું, અનાવૃષ્ટિ ને અતિવૃષ્ટિ સહજમાં થતાં રહે છે.

સત્સંગીઓ ગભરાવાની પણ જરૂર નથી. આપણાં શાસ્ત્રોમાં કોઈક જગ્યાએ ચોરી કરવાની છૂટ પણ આપી છે ..! હૈયે હાશકારો થાય તો ભલે થાય પણ આ છૂટછાટ પાછળનો ભાવ સમજવા જેવો છે. ગાયને માટે ઘાસ, યજ્ઞ માટે કાષ્ટ, દેવો માટે પુષ્પ ઈત્યાદિ 'સબ ભૂમિ ગોપાલકી' સમજીને લઈ લેવાની છૂટ છે. શતાનંદ સ્વામી અત્રે ખૂબ જ માર્મિકતાથી સમજાવે છે કે સત્યયુગમાં તો આની છૂટ જ હતી પણ અબ તો જમાના બદલ ગયા, ઈન્સાન બિગડ ગયા તો જરા વિનમ્રભાવે વિનંતી કરીને સારા રસ્તા કાઢી શકાય ને.

પુરાણકાળના ઋષિમુનિઓએ પણ આપતકાળમાં ચોરીની છૂટ આપેલી જ છે. આવી ચોરીનું પણ પ્રાયશ્ચિત કરાય છે. જો માલિક હાજર હોય તો રજા લેવી, ન હોય તો ચોરી કરેલી પોતે ત્રણ દિ'ના ઉપવાસ કર્યા હોય તો.. ! અંતમાં..

"ચોરીની પડોજણ છોડો, મનને નીતિધર્મમાં જોડો,
વફાદારીથી રસ્તા ખોડો, શિક્ષાપત્રીને બે હાથ જોડો."


ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**સં.૨૦૭૨ ફાગણ વદ અમાસ તા. ૭-૪-૧૬ ગુરુવારથી ચૈત્ર સુદ ૭ તા. ૧૩-૪-૧૬ બુધવાર**
**નારાયણ યજ્ઞ : ચૈત્ર સુદ ૮ તા. ૧૪-૪-૧૬ ગુરુવાર**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે -આગામી તા. ૭-૪-૧૬ થી તા. ૧૩-૪-૧૬ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૧,૦૦૦/-
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે

વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.
સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે, સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

કથા સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.

# કોઈને ગમે ખરી ? "વૃધ્ધાવસ્થા"

**અહેવાલ :- રમણ ગજ્જર, ભુજ**

નાનું બાળક હોય તેના મોંમા દાંત હોતા નથી, તે ચાલી શકતું પણ નથી અને ચોખ્ખું કંઈ બોલી શકતુ નથી. બસ તે રીતે માણસ જ્યારે વૃધ્ધ થાય છે ત્યારે દાંત પડી ગયેલા હોય છે. તેની વાણી પણ સ્પષ્ટ હોતી નથી. તેમજ તેની તમામ ઈન્દ્રિયો પણ શિથિલ અશક્ત થઈ ગઈ હોય છે. આમ જાણેકે માણસને પોતાની વૃધ્ધાવસ્થામાં બાળપણ જોવા, જાણવા અને અનુભવવા મળે છે. છે ને કઠણાઈ.

માથાના વાળ પણ ધોળા થઈ ગયા હોય છે. મોં ઉપર કરચલીઓ પડી ગઈ હોય છે. યૌવન પણ જતું રહ્યું હોય છે. કોઈ સામું પણ જોતું હોતું નથી. અરે એટલું જ નહિ એ વૃધ્ધ જો કોઈની સાથે બોલવા - બોલાવવા જાય કોઈને તો તેનો પ્રતિસાદ પણ સારો મળતો નથી. શરીર પણ સંકોચાઈ ગયું હોય છે. ક્યારેક મોંમાથી થૂંક-લાળ પણ પડતી હોય છે. અરે બીજાની ક્યા વાત કરવી ઘર-પરિવારના સભ્યો પણ તેમના વચનનો આદર કરતાં નથી. પોતાની સ્ત્રી પણ સેવા ધર્મથી આધી જતી હોય છે. શરીર પણ જે રૂડું રૂપાળું હતું તે બેડોળ બની ગયું હોય છે. ક્યારેક તો પરિવારજનો તો એવું પણ ઈચ્છતા હોય છે કે, હવે આમને ભગવાન લઈ જાય તો સારું કારણ કે કહે છે કે, "ઘરમાંથી જાય ખોખું તો ઘર થાય ચોખ્ખું."

હવે જ્યારે આવી સ્થિતિ આવે અને પછી તે ભગવાનની ભક્તિ કરવા જાય તો.. બોલો ભાઈ ! ભક્તિ થાય ખરી ? તમે 'ના' કહેશો. બિલકુલ સાચી વાત છે.

હવે આમાંથી એટલું જ જાણવાનું રહ્યું કે, જ્યારે કિશોર વ્યવસ્થા, યુવાવસ્થા હોય ત્યારે ભગવાનને ભજી લેવા જોઈએ. કારણ કે ઈશ્વર આરાધનાની સાચી અવસ્થા જ આ છે. અને સિક્કાની બીજી બાજુ મોજ શોખ કરવાનું તાન પણ આ અવસ્થામાં જ હોય છે.

મોજ શોખને હડસેલો મારીને માત્ર અને માત્ર ધર્મ-અધ્યાત્મ સબંધી સત્કાર્યો કરીને યુવાવસ્થાને શોભાવવી જોઈએ. યૌવનનો શ્રૃંગાર ભક્તિ છે નહિ કે વ્યસન - મોજ શોખ. છે બે સોના જેવી વાત.

જો યુવાવસ્થામાં ભક્તિની ટેવ હશે તો જ તમને વૃધ્ધાવસ્થામાં ભગવાન ભજવાનું ગમશે. નહિતર તમે ઈશ્વરનો વાંક કાઢશો કે, "રે ઘડપણ કોણે મોકલ્યું ? શા માચે મોકલ્યું ? કેટલો સમય રહેશે ?" અને આમ એક દિ ઉપરવાળાનું તેડું આવશે, અને માણસ ચિત્તા ભેગો થઈ જશે. અને બે અઢી કીલો વજનથી જન્મેલો માણસ તેની અંતિમ રાખ પણ બે ત્રણ કીલો જ રહેશે.

જો ભગવાનની ભક્તિ, સેવાકાર્યો યુવાવસ્થામાં કર્યા હશે તો જ તેનું બેલેન્સ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વૃધ્ધ અવસ્થામાં મળશે. બાકી ઢસેડો કરીને રૂપિયા ભેગા કર્યા હશે તે સગાં સબંધીઓ પડાવી લેવા તમારા મૃત્યુની રાહ જોતા હશે. છે ને કડવી છતાં સત્ય વાત.

માટે હે મારા યુવાન મિત્રો ! આવતાં સમયને ધ્યાનમાં રાખીને અત્યારે જ્યારે આપણી યુવાવસ્થા છે ત્યારે સંતોની આજ્ઞાને શિર પર ચઢાવીએ અને ભગવાનની અહર્નિશ ભક્તિ કરીએ. શ્રીહરિની પ્રસન્નતા મેળવીએ તેમાં જ કિશોરવસ્થા, યુવાવસ્થાની સાર્થકતા છે.

હવે નિર્ણય આપના સૌના હાથમાં છે કે, શું કરવું ? અને શું ન કરવું ?

# શ્રીહરિના બંને ચરણના ચિહ્ન ચિંતનથી થતું ફળ

અહેવાલ :- પ્રીતિ કરશનભાઈ પોકાર, ઘડાણી હાલે ભાલેજ

સર્વ વાચક મિત્રોને જય શ્રીસ્વામિનારાયણ !

જવ : જે જીવનું ધ્યાન કરે તેના સર્વે પાપ નાશ પામી જાય અને તેને આત્મા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ઉદય થાય તથા તેના યોગને પ્રભુ વહન કરે છે. જીવનમાં જાક્તિની શક્તિ મળે છે. એને પોષણ કરે છે. સત્સંગમાં જીવાડે છે.

વજ્ર :- જે વજ્રનું ધ્યાન કરે છે તેના પાપરૂપી પર્વતને જોદી નાખે અને મનરૂપી પક્ષીની પાંખને છેદે છે. અને મન પ્રભુની મૂર્તિમાં સ્થિર થાય અને દધિચિ જેવી સમર્પણની ભાવના ભગવદ્ અર્થે જાગે છે. અને કામ ક્રોધાદિ અંતઃશત્રુને ભેદે છે.

જાબું : જે જાંબુનું ધ્યાન કરે તેનું મન માયિક વિષય રસમાં ક્યાંય બંધાય નહિ ને ભગવાનની મૂર્તિરૂપી રસ સ્વરૂપ પરમાત્મામાં જ આનંદ જાણે છે. પછી તે વિષયરૂપી ખાટી છાશ પીતો નથી. વળી જાબું પથરીના રોગને નાશ કરે છે ચેમ દોષરૂપી પથ્થરીઓને ગાળી નાખે છે.

કેતુ (ધ્વજ) : જે ધ્યાન કરે તે કામરૂપી શત્રુને જીતી માયિક સુખ માત્રની વાસના ટાળીને ભગવાનના અક્ષરધામને પામે છે. વળી તે અંતઃશત્રુ પછી પરાજય થતો નથી ને હંમેશા તેનો વિજય ધ્વજ ફરકે છે.

પદ્મ (કમળ) : જે કમળનું ધ્યાન કરે તે તેના જેવા ગુણોને પામે છે. જેમ કમળ જળમાં નિર્લેપપણે રહે છે. તેમ ભક્ત સંસારમાં નિર્લેપપણે રહે છે. વળી જીવન સુગંધી કોમળ અને શીતળ બનાવે છે.

અંકુશ : જે અંકુશનું ધ્યાન કરે છે તે મનરૂપી મદોન્મત હાથીને વશ કરી પરમાત્માના ચરણમાં સ્થિર કરે છે.

ઉર્ધ્વરેખા : જે ઉર્ધ્વરેખાનું ધ્યાન કરે છે તે ઉર્ધ્વ ગતિને પામી શ્રીહરિના અક્ષરધામમાં પહોંચે છે.

અષ્ટકોણ : જે અષ્ટકોણનું ધ્યાન કરે છે તે અષ્ટાંગ યોગના ફળને પામી અષ્ટાવરણને ભેદી સુખરૂપ શ્રીહરિના અક્ષરધામને પામે છે. અને તે અષ્ટસિધ્ધિમાં લોભાતો નથી. વળી તે અષ્ટ મહા ગુણોને પામે છે.

સ્વસ્તિક : જે સ્વસ્તિકનું ધ્યાન કરે તે નિષ્પાપ થઈ આત્યંતિક મોક્ષને પામે. વળી તે શોભાયમાન અને મંગળકારી છે. જેથી નિત્ય મંગળ કરે છે. અને અમંગળ દૂર કરે છે.

કળશ : જે કળશનું ધ્યાન કરે છે તે કળશ જેમ શિખર પર ચડે છે તેમ અક્ષરધામને પામે છે. અને કળશ અમૃત રસપૂર્ણ હોય તેમ દિવ્ય રસ-પાન કરાવી પૂર્ણતાને પમાડી મંગળકારી કાર્યો કરાવે છે.

અર્ધચંદ્ર : જે અર્ધચંદ્રનું ધ્યાન કરે તેના અંતરમાં અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ કરાવે છે. ચંદ્ર જેવી શીતળતા અને નિમ ર્ળતા આવે છે. તાપ શમે છે. સદ્ગુણોનું પોષણ થાય છે. ભગવત પ્રેમસાગર ઉભરાય છે. શુભેચ્છારૂપી વિકસિત થાય છે.

ગોપદ : જે ગોપદનું ધ્યાન કરે તે પરિશ્રમ વિના સંસાર સાગરને ગાયના પગલા માફક તરી જાય છે.

ધનુષ્ય : જે ધનુષ્યનું ધ્યાન કરે તે કામાદિક શત્રુને જીતી જાય છે. તેનો ક્યારેય પરાજય થતો નથી.

ત્રિકોણ : જે ત્રિકોણનું ધ્યાન કરે તે ત્રિવિધ તાપને ટાળી સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ જે ત્રણ દેહ તેથી જુદો થઈ બ્રહ્મરૂપ બની પરબ્રહ્મની અખંડ સેવા ભક્તિમાં રહે છે. વળી ક્ષણ ગુણ, ત્રણ અવસ્થા, ત્રણ ઈષ્ણાથી મુક્ત થાય છે.

મીન : જે મીનનું ધ્યાન કરે તેને પ્રભુમાં પ્રેમ પ્રાપ્ત થાય છે. અને જળની જેમ પ્રભુ જ તેનું જીવન બની રહે છે.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## નંદ ઘેર આનંદ ભયોના નાદ સાથે ગુંજી ઉઠેલું તીર્થધામ ભુજ મંદિર

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ ભુજના પ્રાંગણમાં ઉમંગભેર હાજર રહેલા સંતો અને હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં , જન્માષ્ટમી મહોત્સવ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ ધામધૂમથી ઉજવાઈ ગયો. આ દિવ્ય પ્રસંગે સંતો અને હરિભક્તોએ ધૂન-કીર્તનની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ જન્મ ઉત્સવના યજમાનશ્રીઓનું હસુભાઈ ઠક્કર તથા હરેશભાઈ ફુફલ, વાગડ લોહાણા સમાજના અગ્રણી ધીરૂભાઈ ખીમજી ચંદે  તથા પટેલ અગ્રણી પરબત જાદવા વરસાણીનું ફુલહારથી સન્માન કર્યું હતું. બરાબર ૧૨ વાગ્યાના ટકોરે મહંત સ્વામી તથા યજમાનશ્રીઓએ ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય ઉત્સવની આરતી કરી હતી અને લાલાને પારણામાં ઝુલાવાયા હતા. ઉપસ્થિત હજારોની સંખ્યામાં કૃષ્ણ ભક્તો આ મહાઆરતીમાં જોડાયા હતા અને હાથમાં દીવેટ લઈને તેઓ પણ લાલાની આરતી ઉતારી હતી.

ત્યારબાદ મટકીફોડના કાર્યક્રમમાં કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ મટકી ફોડી હતી. ત્યારે આખું તીર્થધામ ગોકુળમય બની ગયું હતું. હજારોની સંખ્યામાં ઉમટેલા સ્થાનિક કૃષ્ણભક્તો તેમજ સમગ્ર ચોવીસીમાંથી લોકો આ જન્મ ઉત્સવનો લાભ લીધો હતો.

આ કાર્યક્રમને શરૂઆતથી મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત, સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી ભગવતપ્રસાદદાસજી આદિ સંતો તથા સાં.યો. મહંત શામબાઈ ફઈ સાં.યો. બહેનો સાથે રહ્યા હતા. જ્યારે કાર્યક્રમનું સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજી તથા ઉત્સવને સફળ બનાવવા સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતોએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- કિશોરભાઈ પિંડોરીયા

### મૂર્તિ મનોહર

મૂર્તિ મનોહર, પ્યારા ઘનશ્યામની,
નામ લેતા, શાંતિ મળે, સારા જીવનની.
ઘનશ્યામ છે શાણા, સહેજે જીતાણા,
ભક્તિ રસ પીતા ભક્ત, મૂર્તિમાં સમાણા.
હરિ હરિ બોલતા, ભક્તો સૌ ડોલતા,
સત્સંગની સભામાં, વચનામૃત બોલતા.
ઘનશ્યામની લીલા, હરિ છે રંગીલા,
પહેરી હાર ફૂલ કેરાં, શોભે છેલ છબીલા.
લીલા અનંત છે, શિક્ષાપત્રી સાથ છે,
હરિનામ લેતા લેતાં, સુખ અપરંપાર છે.
''અલ્પ'' મશગુલ છે, ઘનશ્યામમાં ધૂન છે,
મનહર મોહનજીના, ચરણોનો દાસ છે.

- મુકુન્દ કે. મહેતા ''અલ્પ''

## શ્રાવણ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. અ.નિ. મુળજીભાઈ માવજી હીરાણી, ગં.સ્વ. ધનબાઈ મુળજી હ. ધનજી મુળજી, ધ.પ. અમરબાઈ ધનજી, સુત ધર્મેશ ધનજી સહપરિવાર બધા દેવોની શિખર પરના ધ્વજારોહણના યજમાન-બળદિયા
- પ.ભ. અ.નિ. માવજીભાઈ ધનજી હીરાણી, ધ.પ. રતનાબાઈ માવજી હીરાણી સ્વામી જગતપાવનદાસજીની પ્રેરણાથી - માનકુવા ભક્તિનગર
- પ.ભ. ખીમજીભાઈ ભીમજી ચૌહાણ - આમારા
- પ.ભ. નવીનભાઈ કલ્યાણ રાબડીયા - રામપર
- પ.ભ. તેજબાઈ વસ્તા કેરાઈ - નારણપર
- પ.ભ. દક્ષાબેન ધનજી મેઘજી વેકરીયા - નારણપર
- પ.ભ. રામજીભાઈ અરજણ હીરાણી હ. માનબાઈ રામજી સહપરિવાર - રામપર
- પ.ભ. શાન્તાબેન મનજી ગોરસીયા - સુખપર
- પ.ભ. વનિતાબેન જયેશભાઈ સોનીની માનતા (બેબીના જન્મ પ્રસંગે) - ભુજ
- પ.ભ. રવજીભાઈ ધનજી રાબડીયા - રામપર હાલે લંડન
- પ.ભ. કુ. મયુરીબેન પ્રેમજી હીરાણી હ.પ્રેમજી લાલજી હીરાણી (સુરેશ કરસન કેરાઈ, માંડવી) - રામપર વુલ્વીચ
- પ.ભ. ગોવિંદભાઈ ભીમજી કેરાઈ - મદનપુર
- પ.ભ. વિનોદભાઈ પ્રેમજી વેકરીયા - વાડાસર
- પ.ભ. હીરાબેન પરબત વરસાણી હ. પરબત જાદવા - ભુજ
- પ.ભ. પરેશભાઈ રવજીભાઈ લાધાણી - કેરા
- પ.ભ. અ.નિ. લક્ષ્મણભાઈ નાનજી ભંડેરી, હ. કરસન લક્ષ્મણ ભંડેરી - માંડવી ભારાપર
- પ.ભ. ભાવિકભાઈ શીવજી ભુવા - મીરજાપર
- પ.ભ. ચિરાગભાઈ ગોસ્વામી - મીરજાપર હાલે કંપાલા
- પ.ભ. રાજેશભાઈ પ્રેમજી વરસાણી - ભારાસર
- પ.ભ. ભારતીબેન દિનેશભાઈ રાબડીયા - વાડાસર
- પ.ભ. હસમુખભાઈ નારણ વેકરીયા - મીરજાપર
- પ.ભ. પરબતભાઈ રામજી કેરાઈના જન્મદિવસ નિમિત્તે હ. જશુબેન પરબત - કુંદનપર
- પ.ભ. શામજીભાઈ રત્ના હાલાઈ - કોડકી
- પ.ભ. કાનજીભાઈ નારણ હીરાણી - ગોડપર
- પ.ભ. પ્રવીણભાઈ મુળજી જાદવા વેકરીયા, ધ.પ. જશુબેન હ. શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી - બળદિયા
- પ.ભ. મનસુખલાલ ભીમજી ખેતાણી - કેરા
- પ.ભ. તેજબાઈ દેવરાજ નારણ ભોજાણી - ભારાસર
- પ.ભ. અ.નિ. કરસનભાઈ વાઘજી પિંડોરીયા હ. મોહન - સામત્રા
- પ.ભ. હરીશભાઈ ભીમજી ભુવા - સુખપર
- પ.ભ. બંસી જગદીશ ગોરસીયા - સુખપર
- પ.ભ. કિરીટભાઈ હીરજી રાબડીયા - રામપર
- પ.ભ. ખીમજીભાઈ વેલજી પિંડોરીયા - નારણપર
- પ.ભ. પુષ્પાબેન જાદવા વેકરીયા - બળદિયા
- પ.ભ. કેશરાભાઈ પ્રેમજી હાલાઈ - કોડકી
- પ.ભ. મંજુબેન ધનજી - દહીંસરા
- પ.ભ. અરવિંદભાઈ લાલજી હ. સાં.યો. કસ્તુરબેન - સુખપર
- પ.ભ. તેજબાઈ પ્રેમજી પિંડોરીયા - સુખપર
- પ.ભ. જગદીશભાઈ પ્રેમજી વરસાણી ભગત - સુખપર
- પ.ભ. હરજીભાઈ દેવજી હ. કાંતિભાઈ - દયાપર

- પ.ભ. અરવિંદભાઈ કલ્યાણ હાલાઈ - કેરા
- પ.ભ. ધનુબેન હરીશ રાબડીયા, કિશન હરીશ રાબડીયા - ગોડપર હાલે લંડન
- પ.ભ. મનજીભાઈ વિશ્રામ આંબા - મેઘપર
- પ.ભ. રતનબેન મનજી વરસાણી - સામત્રા
- પ.ભ. અ.નિ. વાલજીભાઈ હરજી કેરાઈ હ. ધ.પ. વાલબાઈ - ગોડપર
- પ.ભ. રમેશભાઈ હીરજી જીવાણી હ. ખુશાલી, દિલ્પેશ, મિલન - નારણપર
- પ.ભ. તેજબાઈ શીવજી ધાગાઈ હ. સાં.યો. નીતાબેન - નારણપર
- પ.ભ. રવજીભાઈ લાલજી હ. સાં.યો. નીતાબેન - સામત્રા
- પ.ભ. વિશ્રામભાઈ કાનજી વરસાણી - સામત્રા
- પ.ભ. ધીરેશભાઈ મુળજી દાવડા - ભુજ
- પ.ભ. વૈશાલીબેન અજયકુમાર ગોર, હ. ભવ્ય, પૂજા તથા અજયકુમાર કાંતિભાઈ ગોર - સામખીયાળી
- પ.ભ. રજનીભાઈ પ્રેમજી કરસન વેકરીયા ધ.પ. રાધિકા - બળદીયા હાલે લંડન
- પ.ભ. પંક્તિબેન ભરત ગોરસીયા, બળદીયા હ. સાં.યો. મંજુબાઈ - કેરા
- પ.ભ. ખુશાલીબેન મનસુખ ગોંડરીયા હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. ધનજીભાઈ કલ્યાણ વરસાણી હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. કુંવરબાઈ ધનજી વરસાણી હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. કાન્તાબેન વાલજી ખેતાણી હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - સુખપર
- પ.ભ. વિજ્યાબેન લાલજી કેરાઈ હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. રામબાઈ ધનજી વરસાણી હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. જશુબેન નવીન શીયાણી હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. કરૂણાબેન નારણ ખેતાણી હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મદનપુર
- પ.ભ. અ.નિ. લક્ષ્મીબેન પુરુષોત્તમ ગોગારી, હ. સાં.યો. કસ્તુરબેન - દોલતપર
- પ.ભ. દેવજીભાઈ ભીમજી ખેતાણી હ. કુંવરજી ભીમજી ખેતાણી - મદનપુર
- પ.ભ. લાલબાઈ પ્રેમજી હીરાણી હ. ધનજી લાલજી હીરાણી - મદનપુર
- પ.ભ. લાલજીભાઈ નાનજી હાલાઈ - નારણપર
- પ.ભ. હરજીભાઈ માવજી વેકરીયા - નારણપર
- પ.ભ. કરસનભાઈ રામજી વરસાણી - સામત્રા
- પ.ભ. શીવજીભાઈ વિશ્રામ રાઘવાણી - બળદીયા
- પુ.સ્વામી કેશવપ્રસાદદાસજીની પ્રેરણાથી સતેશભાઈ નાનજી હરજી હીરાણી - ફોટડી
- પ.ભ. કાનજીભાઈ હીરજીભાઈ વેલાણી - દોલતપર હાલે નડિયાદ
- પ.ભ. અ.નિ. લાલજીભાઈ મનજી લીંબાણી, અ.નિ. ડાહીબેન હ. રતિલાલભાઈ તથા હરિલાલભાઈ - દોલતપર
- પ.ભ. લાલજીભાઈ પરબત હીરાણી - કુંદનપર
- પ.ભ. હિતેશભાઈ મનજી કારા - રામપર
- પ.ભ. અ.નિ. લાલજીભાઈ ખોડા વેકરીયા હ. મનજીભાઈ લાલજી - રામપર
- પ.ભ. જગદીશભાઈ રણછોડભાઈ ચૌધરી - રાપર
- પ.ભ. મનજીભાઈ કુંવરજી વેલજી હાલાઈ સહપરિવાર હ. શ્યામબાઈ ફઈ - મીરજાપર

- પ.ભ. વિનોદભાઈ હરગોવિંદભાઈ પટેલ - સુરેન્દ્રનગર
- પ.ભ. પ્રવીણભાઈ મનજી ખેતાણી પરિવાર - ફોટડી
- પ.ભ. શીવજીભાઈ મનજી આસાણી - માંડવી
- સાં.યો. શાન્તાબાઈ પ્રેમજી વરસાણી હ. સાં.યો. નાનબાઈ રામજી - માનકુવા
- પ.ભ. જાદવજીભાઈ રૂડા ગોંડરીયા, લાલબાઈ જાદવજી - મીરજાપર
- સાં.યો. રામબાઈ પિંડોરીયા હ. અક્ષય પિંડોરીયા - માધાપર
- પ.ભ. રમેશભાઈ દેવરાજ જેસાણી હ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી - દહીંસરા
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી વનિતાબેન જેન્તીલાલ ભુડીયા - માંડવી
- પ.ભ. ધનુબેન વિનોદ વેકરીયા હ. સાં.યો. નાનબાઈ - કેરા
- પ.ભ. મનસુખભાઈ રામજી ખોખાણી હ. સ્વામી સૂર્યપ્રકાશદાસજી - પીયાવા માંડવી
- પ.ભ. કુંવરજીભાઈ માવજી વેકરીયા હ. રામજીભાઈ કુંવરજી વેકરીયા - નારણપર
- પ.ભ. અ.નિ. પાર્વતીબેન હ. વાલજીભાઈ હરજીભાઈ - દોલતપર હાલે વલસાડ
- પ.ભ. ઈલાબેન દવે હ. નિહાલ વાઘેલા - અમદાવાદ
- પ.ભ. મેહુલભાઈ રામચંદ્ર નાકર હ. નિલેશભાઈ ગોર - ગાંધીધામ
- પ.ભ. જીતેશભાઈ દેવજી કેરાઈ - કોડકી
- પ.ભ. કુંવરજીભાઈ કરસન કેરાઈ - માધાપર
- પ.ભ. ગોપાલભાઈ નારણ વરસાણી - સુખપર
- પ.ભ. પ્રેમીલાબેન નવીન રાબડીયા - રામપર
- પ.ભ. નિલેશભાઈ ધીરજલાલ પટેલ - ભુજ
- પ.ભ. સવિતાબેન જીતેશ કરસન વેકરીયા - બળદીયા
- પ.ભ. નારણભાઈ રૂડા પટેલ - ભુજ
- પ.ભ. નીતિનકુમાર કિશોરભાઈ ગોગારી - દયાપર
- પ.ભ. ડી.જી.પી. - કલ્પેશભાઈ ગોસ્વામી - ભુજ
- પ.ભ. હસુભાઈ ઠક્કર (બેન્કીંગ ઈન્વેસ્ટર)
- પ.ભ. જાદવાભાઈ પરબત સેંઘાણી - નારણપર
- પ.ભ. પ્રેમજીભાઈ કાનજી છભાડીયા - ભુજ
- મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી મનજીભાઈ હરજીભાઈ વાગડીયા - મીરજાપર

★★★★★★★★★★★★★★★★

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ**

- પ.ભ. અ.નિ. શીવજીભાઈ દેવજી ભુવા ધ.પ. રતનબાઈ પુત્ર કરસન તથા કાનજી - સુખપર
- પ.ભ. જીજ્ઞાબેન ઘનશ્યામભાઈ વેકરીયા, વાલબાઈ શીવજી વરસાણી હ. ખીમજી વાલજી વેકરીયા - બળદીયા ઉ.વા.
- પ.ભ. ધનબાઈ નાથા ખેતાણી પરિવાર - મદનપુર
- પ.ભ. કરશનભાઈ શીવજી રાઘવાણી ધ.પ. વાલબાઈ અ.નિ. સંગીતા કરશન - બળદીયા ની.વા.
- -પ.ભ.હરજીભાઈ વાલજી હીરાણી - કોડકી


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

**ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.**

# સત્સંગ સમાચાર

## કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મદનપુર આયોજિત સુપર સિક્સ ટૂર્નામેન્ટ

તા. ૪-૯-૨૦૧૫ના રોજ કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મદનપુર દ્વારા શ્રીજી સ્પોર્ટ સેન્ટર ક્લબ (નવા ગ્રાઉન્ડ), સુખપર ખાતે સુપર સિક્સ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ટૂર્નામેન્ટમાં મદનપુર, સુખપર અને નરનારાયણ નગરના યુવાનો સાથે મળીને કુલ ૧૬ ટીમોએ ઉત્સાહભેર ભાગ લઈને આ ટૂર્નામેન્ટનો આનંદ લીધો હતો. સવારે ૭:૩૦ કલાકે આ ટૂર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવેલ અને વધુમાં વધુ ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે માટે આયોજકોએ ખેલાડીઓનો સાથ સહકાર આપેલ. આ ટૂર્નામેન્ટનો આનંદ લેવા સૌ ગ્રામજનોએ બહોળી સંખ્યામાં પધારી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. દરેક ટીમના યુવા ખેલાડીઓએ સારું પ્રદર્શન કરી અને ખેલનો આનંદ મેળવેલ. જોતજોતામાં ખેલનો આનંદ વધતો ગયો અને અંતમાં સુરાખાચર અને જેસંગભાઈ ટીમ વચ્ચે ફાઈનલ મેચ યોજાઈ અને જેસંગભાઈ ટીમના ખેલાડીઓએ ભવ્ય વિજય પ્રાપ્ત કરેલ. બપોરપછી ભુજ મંદિર તેમજ પ્રસાદી મંદિર, ભુજથી સંતોએ પધારી યુવાનોને પ્રોત્સાહિત કરી આશીર્વાદ આપ્યા હતા. વિજેતા ટીમને સંતોના વરદ્દહસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ અને આ ટૂર્નામેન્ટમાં સારો દેખાવ કરેલ એવા ખેલાડીઓને પણ સંતોના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ સમગ્ર આયોજનના યજમાનપદે મદનપુર કચ્છશ્રી નરનરાયણદેવ યુવક મંડળના યુવાનો જ રહીને આ આયોજન કરેલ. આ ટૂર્નામેન્ટનો લાભ લેવા પધારેલ સર્વે હરિભક્તોને અને ખેલાડીઓને બપોરના પ્રસાદરૂપી ભોજનનું પણ આયોજન સ્થળ ઉપર જ રાખવામાં આવેલ. આ સમગ્ર ટૂર્નામેન્ટનું સંચાલન યુવક મંડળના યુવાનો દ્વારા કરવામાં આવેલ.

અહેવાલ :- કિશોર પિંડોરીયા

★★★★★★★★★★★★★★★★★★★★

## ભચાઉ – હિંડોળા મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભચાઉ ખાતે તા. ૧૬-૮-૧૫ થી તા. ૩૧-૮-૧૫ એમ કુલ્લ ૧૬ દિવસ સુધી હિંડોળા અંતર્ગત વિવિધ પ્રકારની ૮ (આઠ) કૃતિઓનું પ્રદર્શન રાખવામાં આવેલ હતું. જેનો ભચાઉના નગરજનો સહિત આજુબાજુ ગામડાંના પચાસ હજાર જેટલા ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

કૃતિઓમાં 'કિલ્લોલ' અને 'કલા' કરતો મોર, બાળ ઘનશ્યામને પ્રેમથી ઝૂલાવતાં ધર્મદેવ અને ભક્તિમાતા, શિવલિંગનો લાઈવ અભિષેક દર્શન, નિલકંઠ વર્ણી સ્વરૂપે શ્રી સ્વામિનારાયણ ભગવાન માળા ફેરવે છે તથા સ્મિત કરે છે, ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વહસ્તે 'લાડુ'નો પ્રસાદ આપે છે, પવિત્ર શ્રાવણ માસમાં ભોળાનાથ સિધ્ધેશ્વર મહાદેવનો અવિરત અભિષેક દર્શન, 'જળ' ઝીલતા હોડીમાં ભગવાનના દર્શનનો લાભ, બાળકોને આનંદ અને પ્રફુલ્લિત કરતાં રમકડાં પ્રદર્શન રાખવામાં આવેલ.

ઉપરોક્ત હિંડોળા પ્રદર્શનનું ભુજથી પધારેલ સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી રામાનુજદાસજીના વરદ્ હસ્તે પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવને સફળ બનાવવા ટ્રસ્ટીશ્રી બાબુભાઈ ખૂથીયા તથા સત્સંગી અગ્રણી સર્વશ્રી ફતેહસિંહ ગજુભા જાડેજા, વેલજીભાઈ, હિરજીભાઈ,

વાઘજીભાઈ તથા હરિભક્તોએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- ફતેહસિંહ જાડેજા, ભચાઉ

★★★★★★★★★★★★★★★★★★

## હિંડોળા મહોત્સવ, સિનુગ્રા

સિનુગ્રા શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીને હિંડોળે ઝુલાવવાનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. શ્રાવણ સુદ ત્રીજ તા. ૧૭-૮-૧૫ના હિંડોળાનું ઉદ્‌ઘાટન કરવા માટે અંજાર મંદિરેથી સ.ગુ. પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા પુ. સ્વામી મહાપુરુષદાસજી તથા સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી વિગેરે સંતો પધાર્યા હતા. કથા-વાર્તા કરીને હિંડોળાના યજમાન ધીરજલાલભાઈ ભવાનભાઈ ચાવડાની સાથે સંતોએ આરતી ઉતારી હતી. સૌ ભક્તોને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. શ્રાવણ વદ-૨ સુધી દર્શનનો લાભ ભાવિક ભક્તોએ લીધો હતો.

અહેવાલ :- પૂજારી લાલજી ભગત

★★★★★★★★★★★★★★★★★★

## જન્માષ્ટમી ઉત્સવ, મિરજાપર

શ્રીસ્વામિનારાયણ મંદિર, મિરજાપુરમાં જનમાષ્ટમીના દિવસે યુવાનો અને બાળકોમાં આંતરિક શક્તિ જાગૃત કરવા અને આત્મ સંયમ અને વ્યક્તિત્વ વિકાસ થાય એવા ઉમદા ભાવથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો અને ઘનશ્યામ બાળ મંડળના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૫.ભ. રમેશભાઈ વિશ્રામ કેરાઈના મુખ્ય યજમાન પદે યોજાયેલ.

પ્રારંભમાં યજમાનશ્રીઓ, મંદિરના ટ્રસ્ટીશ્રીઓ તથા ગામના અગ્રણી હરિભક્તોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી.

પ્રાર્થના ગીતથી શરૂઆત થયા બાદ માનવજીવનમાં પ્રેરણા આપતા સત્સંગના પ્રસંગોને યુવાનોએ નાટકના રૂપમાં આબેહૂબ રજૂ કરી સૌને નિર્વ્યસની, સદાચારી અને આધ્યાત્મિક જીવનના સંદેશાઓએ સૌ ભક્તોના મનને આકર્ષિત કર્યા હતા. કીર્તન સાથે નૃત્ય કરી સૌને આનંદિત કર્યા હતા. બાળકોનો આત્મવિશ્વાસ વચનામૃતના મુખપાઠ કરતી વેળાએ ગ્રામજનોને થયો હતો.

જીવનમાં પ્રેરણા આપતો આ સાંસ્કૃતિક કાર્યક્રમને દાનવીર દાતાશ્રીઓએ દાનની સરવાણી વહાવી નવાજ્યા હતા. યુવાનોએ કૃષ્ણ જન્મના અવસરે મટકીફોડ કાર્યક્રમ યોજ્યો હતો.

રાત્રી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઝાંઝ-મૃદંગના સથવારે ધૂન-કીર્તન કરી પ્રભુ પ્રસન્નતા પામવા ભક્તિરસમાં તનમય થયા હતા. રાત્રે ૧૨:૦૦ કલાકે ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માની આરતી કરી ભગવાનને પારણીયામાં ઝુલાવી સૌએ મથુરા-ગોકુળની યાદ તાજી કરી હતી. અંતે ભગવદ્ પ્રસાદ લઈ મંદિરેથી છૂટા પડ્યા હતા.

અહેવાલ :- દિપકભાઈ વેકરીયા, મિરજાપર

★★★★★★★★★★★★★★★★★★

## ત્રિદિવસીય સત્સંગ પ્રવાસ તથા ક્રિકેટ ટૂર્નામેન્ટ, કોડકી

કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કોડકી દ્વારા તા. ૧૦,૧૧,૧૨-૯-૨૦૧૫ના ત્રિદિવસીય સત્સંગ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભુજ મંદિરના સંતો શા. સ્વામી શૌનકમુનિદાસજી તથા પુ. સ્વામી વ્યાસસ્વરૂપદાસજીની સાથે યુવક મંડળના ૮૦ યુવાનો પ્રવાસમાં જોડાયા હતા. તા. ૯ના સાંજે કોડકીથી પ્રવાસનો આરંભ કરી પહેલા દિવસે સરદાર સરોવર ડેમની મુલાકાત, ત્યાંથી નર્મદા નિલકંઠ ધામમાં દર્શન, નર્મદા નદીમાં સંતો સાથે સૌ યુવાનો સ્નાન કર્યું હતું. ત્યાંથી રાજસ્થાનમાં માઉન્ટ આબુથી નીકળી મહેસાણા સ્વામિનારાયણ મંદિરમાં રાત્રી રોકાણ કર્યું હતું. અને ત્રીજા દિવસે સવારે મંદિરમાં દર્શન કરી ત્યાંથી મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત બાદ મહેસાણા વોટર પાર્કનો આનંદ સૌ યુવાનોએ લીધો હતો. ત્યાંથી પાછા કોડકી પરત ફરી પ્રવાસની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રવાસમાં જ્યાં જેટલો સમય મળ્યો એ રીતે સંતો દ્વારા

સભા કરી યુવાનોને આધ્યાત્મિક જ્ઞાન આપવામાં આવ્યું હતું.

વિશેષમાં યુવક મંડળ દ્વારા તા. ૪-૯-૧૫ સાતમના શ્રી સહજાનંદ સ્પોર્ટસ ગ્રાઉન્ડ, કોડકી ગંગાજીમાં શ્રીસહજાનંદ સુપર સિક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ રાખવામાં આવેલ. જેમાં યુવક મંડળની પાંચ ટીમે ભાગ લીધો હતો. હિરાણી, દબાસીયા, કેરાઈ, વરસાણી, હાલાઈ આ ટીમોમાંથી હાલાઈ ટીમ ચેમ્પિયન થઈ હતી. જેને સંતો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ આયોજનના સ્પોન્સર પ્રેમજી માવજી હિરાણી રહ્યા હતા. આવા તો અનેક આયોજનો યુવક મંડળ દ્વારા વારંવાર કરવામાં આવે છે. જેનાથી યુવાનો યુવક મંડળમાં ઉત્સાહ અને ઉમંગથી જોડાય છે.

અહેવાલ :- નારણભાઈ રવજી હાલાઈ, કોડકી

★★★★★★★★★★★★★★★

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજની અન્ડર-૧૯ વોલીબોલ ટીમની જિલ્લા કક્ષાએ ધમાકેદાર જીત સાથે રાજય કક્ષાએ આગેકૂચ

યુવા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ રમત-ગમત પ્રવૃત્તિમાં કચ્છ જિલ્લાની શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળાની વિદ્યાર્થીનીઓએ શ્રીમાતૃછાયા કન્યા વિદ્યાલયમાં યોજાયેલા અન્ડર-૧૯ જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ સુધી રમતમાં જીત મેળવી હતી અને ફાઈનલમાં પણ એકતરફી રમત રમી જીતને પોતાની બનાવી સફળતા મેળવી હતી.

**- અન્ડર-૧૭, અન્ડર-૧૯ ખો-ખોની ટીમની જિલ્લા કક્ષાએ ધમાકેદાર જીત સાથે રાજ્ય કક્ષાએ આગેકૂચ :**

યુવા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ રમત-ગમત પ્રવૃત્તિમાં કચ્છ જિલ્લાની શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળાની વિદ્યાર્થીનીઓએ મહિલા કોલેજમાં યોજાયેલા અન્ડર-૧૭, અન્ડર-૧૯ જિલ્લા કક્ષાની ખો-ખોની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ સુધી રમતમાં જીત મેળવી હતી અને ફાઈનલમાં પણ એકતરફી રમત રમી જીતને પોતાની બનાવી સફળતા મેળવી હતી.

શાળાની વિદ્યાર્થીનીઓએ મેળવેલી આ સિધ્ધિ બદલ શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજના પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સંમગ્ર સંતવૃંદ તેમજ સંસ્થાના પ્રમુખશ્રી વિશ્રામભાઈ દબાસીયા સમગ્ર ટ્રસ્ટ મંડળ, શાળાના આચાર્ય તથા સ્ટાફગણે વિદ્યાર્થિનીઓ અને વ્યાયામ શિક્ષિકાને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વિદ્યાર્થિનીઓ રમત ગમત ક્ષેત્ર આવી સોનેરી સિધ્ધિઓ હાંસલ કરતી રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

અહેવાલ :- પ્રવિણભાઈ પિંડોરીયા

★★★★★★★★★★★★★★★

## પંચાહ્ન શ્રીમદ્ ભાગવત પારાયણનું આયોજન, ઈન્દોર

શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, ઈન્દૌર (મ.પ્ર) ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પંચાહ્ન શ્રીમદ્ ભાગવત અંતર્ગત દશમસ્કંધ પારાયણનું ભવ્ય આયોજન તા. ૩૦-૮-૧૫ થી તા. ૩-૯-૨૦૧૫ સુધી રાખવામાં આવ્યું. લાભ આપવા માટે ભુજધામથી સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા શા. સ્વામી રામાનુજદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી તેમજ શા. સ્વામી શુકમુનિદાસજી આદિ સંતોએ પધારી લાભ આપ્યો હતો.

વ્યાસાસાનો બિરાજી શા. સ્વામી અક્ષરમુનિદાસજી તથા શા. સ્વામી શુકમુનિદાસજીએ તેમની સુમધુર વાણીથી હિન્દી ભાષામાં કથામૃતનો અદ્ભુત લાભ આપ્યો હતો. કથા પ્રસંગ દરમ્યાન આવતા ઉત્સવો જેવા કે શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન પૂજા, અન્નકૂટ તેમજ શ્રીકૃષ્ણ-સુદામા ચરિત્ર ધામધૂમથી ઉજવવામાં આવ્યા. કથાની પૂર્ણાહુતિના દિવસે મહાપ્રસાદનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન અંજાર મંદિરથી પધારેલ સાં.યો. જયાબાઈ તથા મંજુલાબાઈએ પૂરો મહિનો રોકાઈ ઠાકોરજીના જુદા જુદા ભવ્ય હિંડોળા બનાવી મંદિરની સેવા કરી. તેમજ બહેનો હરિભક્તોને કથામૃતનો લાભ આપ્યો હતો.

અહેવાલ :- મંત્રીશ્રી વિરજીભાઈ શામજીભાઈ ભાવાણી, ઈન્દૌર

★★★★★★★★★★★★★

## નાના અંગીયા : શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પારાયણ

સાંખ્યયોગી લીલા ફઈ તેમજ સાંખ્યયોગી પ્રેમીલાફઈની પ્રેરણાથી શ્રીનરનારાયણદેવ મહિલા (યુવતી) મંડળ દ્વારા અ.નિ. સાંખ્યયોગી પાનબાઈ ફઈની ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રીસ્વામિનારાયણ મંદિર, નાના અંગીઆમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ કથા પારાયણ ધામધૂમથી ઉજવાઈ આ પ્રસંગે અબડાસા વિસ્તારના ગામ દયાપર, દોલતપર, રવાપર, આમારા, અમદાવાદ તેમજ ભુજ માધાપરથી સાંખ્યયોગી બહેનો પધારી પોતાના દર્શન આપી આશીર્વચનો આપ્યા હતા.

તા. ૭-૯-૨૦૧૫ થી તા. ૧૩-૯-૨૦૧૫ સુધી સાત દિવસની કથામાં મુખ્ય વક્તા શા. સાં.યો. શાન્તાફઈ દયાપર વાળાએ પોતાની સરળ ભાષામાં સર્વે સત્સંગી બહેનોને કથાનું રસપાન કરાવ્યું હતું. સાંખ્યયોગી નીલમફઈ દયાપર તેમજ સાં.યો. ચંપાફઈ અમદાવાળાએ પણ કથાનું રસપાન કરાવ્યું હતું. તેમજ સભા સંચાલન સાં.યો. કમળાફઈ આમારાવાળાએ કર્યું હતું. તેમજ નાના અંગીઆ મહિલા મંડળ વતી કમળાબેન જગદીશ ભગતે પાનબાઈ ફઈના જીવન ચરિત્ર તેમજ ગુણો વિશે વક્તવ્ય રજૂ કર્યુ હતું. કથાના પ્રસંગોમાં પોથીયાત્રા, કૃષ્ણજન્મ, રૂક્મણી વિવાહ, મહાપૂજા, મહાઆરતી આદિ પ્રસંગો કથા પારાયણ અંતર્ગત ઉજવવામાં આવેલ.

મહિલા મંડળના પ્રમુખશ્રી ભગવતીબેન અમૃતલાલ વાઘાણીએ આભાર વિધિ કરી કથાની પૂર્ણાહુતિ કરી હતી.

અહેવાલ :- શ્રીનરનારાયણદેવ મહિલા મંડળ, નાના અંગીયા

## ધૂન

મૂર્તિ સંભારીને બોલો સ્વામિનારાયણ..(૨)
સ્વામિનારાયણ ભવ તારાયણ... મૂર્તિ સંભારીને..

અમદાવાદમાં બિરાજે નરનારાયણદેવ..(૨)
નરનારાયણદેવ હું તો કરું તમારી સેવ(સેવા)...મૂર્તિ..

ભુજ નગરમાં બિરાજે ઘનશ્યામજી મહારાજ..(૨)
ઘનશ્યામજી મહારાજ તમે સૃષ્ટિના છો નાથ...મૂર્તિ..

વડતાલમાં બિરાજે લક્ષ્મીનારાયણદેવ..(૨)
લક્ષ્મીનારાયણદેવ તમે વસો મારે ઘેર...મૂર્તિ..

જૂનાગઢમાં બિરાજે રાધારમણજી દેવ..(૨)
રાધારમણજીદેવ સાથે સિધ્ધેશ્વર મહાદેવ...મૂર્તિ..

ધોલેરામાં બિરાજે મદનમોહનજી મહારાજ..(૨)
મદનમોહનજી મહારાજ તમે ઝાલો મારો હાથ...મૂર્તિ..

ગઢપુરમાં બિરાજે ગોપીનાથજી મહારાજ..(૨)
ગોપીનાથજી મહારાજ તમે રાખો મારી લાજ...મૂર્તિ..

માંડવી શહેરમાં બિરાજે વૃંદાવનવિહારી મહારાજ..(૨)
વૃંદાવનવિહારી મહારાજ સદા રહો અમારી સાથ..મૂર્તિ..

**સંકલન : લક્ષાબેન બી. મહેતા, ભુજ**

# વિદેશ સમાચાર



## બોલ્ટન મંદિર : વાર્ષિક પાટોત્સવ

પવિત્ર શ્રાવણ માસમાં આપણા બોલ્ટન મંદિરમાં સૌ બોલ્ટનના ભાઈઓ-બહેનો દ્વારા સાથે મળીને તા. ૧૭-૮-૧૫ થી તા. ૨૩-૮-૧૫ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથાનું આયોજન કરવામાં આવેલ. કથાના વક્તાપદે ભુજ મંદિરથી પધારેલ વિદ્વાન સંતોએ પોતાની અમૃત સમાન મીઠી વાણીથી કથા સંભળાવીને સૌ હરિભક્તોને લાભ આપ્યો. તા. ૪-૯-૧૫ બોલ્ટનના યુવક મંડળ તરફથી ભજન-કીર્તન, રાસોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા. ૩૧-૮-૧૫ થી રવિવાર તા. ૬-૯-૧૫ સુધી આપણા બોલ્ટન મંદિરનો ૪૨મો વાર્ષિક પાટોત્સવ ખૂબ જ આનંદથી ઉજવવામાં આવ્યો હતો.

સૌથી ઊંચો આંક આપીને પાટોત્સવના યજમાનપદે ગામ બળદીયાના અ.નિ. માતુશ્રી વિરબાઈ દેવરાજ રાઘવાણી તથા અ.નિ. પટેલ વિજય કેશરા વરસાણી, કેરા હસ્તે વાલજીભાઈ દેવરાજ રાઘવાણી સહ કુટુંબ પરિવાર, બળદીયા રહ્યા હતા. આ પારાયણ પ્રસંગે ભુજ મંદિરથી સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજીના મંડળના સંતો તેમજ હાલે યુ.કે.માં પધારેલ યુવક મંડળના સંતો સ.ગુ. સ્વામી મુક્તવલ્લભદાસજી આદિ સૌ સંતો અહીંયા પધારી આપણા મંદિરની શોભા વધારી હતી. તેમજ શ્રીમદ્ નિષ્કુળાનંદ કાવ્યની સપ્તાહ પારાયણના વક્તાપદે ભુજથી પધારેલ સંતો રહ્યા હતા. જેમણે પોતાની અમૃત સમાન મીઠી વાણીથી કથાનું રસપાન કરાવી સૌ હરિભક્તોને રાજી કરેલ. કથા દરમ્યાન જન્માષ્ટમી ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. તેમજ ઠાકરથાળી ઉત્સવ, રાસઉત્સવમાં સૌ હરિભક્તો સંતો સાથે રાસ રમવામાં આવેલ.

તેમજ આ પવિત્ર જન્માષ્ટમીના ઉત્સવમાં જન્મની આરતીનો લાભ સૌથી ઊંચો આંક આપી કરીને વાલજીભાઈ ગાંગજી હાલાઈ, કુંદનપર પરિવાર, કરસનભાઈ નાનજી હાલારીયા, કેરા પરિવાર, પ્રકાશભાઈ શીવજી હાલાઈ, દહીંસરા પરિવાર, રામજીભાઈ મનજી રાઘવાણી, બળદીયા પરિવાર આમ ૪ હરિભક્તો સાથે મળીને યજમાનપદે રહ્યા હતા અને જન્મની આરતી તેઓ તરફથી કરવામાં આવેલ.

ઠાકોરજીનો અભિષેક તેમજ અન્નકૂટના યજમાનપદે સૌથી ઊંચો આંક આપી ગામ કુંદનપુરના મનજીભાઈ ગાંગજી હાલાઈ સહપરિવારે યજમાનપદનો લાભ લીધેલ અને સંતોની સાથે રહી ઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવેલ અને ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયેલ.

ત્યારબાદ દર વર્ષની જેમ આપણા મંદિરના શિખર ઉપર ધ્વજાના પણ યજમાનપદે સૌથી ઊંચો આંક આપી કરીને ૬ હરિભક્તો સાથે મળીને લાભ લીધેલ.

વાલજીભાઈ ગાંગજી હાલાઈ, કુંદનપર પરિવાર, કરસનભાઈ નાનજી હાલારીયા, કેરા પરિવાર, પ્રકાશભાઈ શીવજી હાલારીયા, દહીંસરા પરિવાર, હરિશભાઈ સામજી વરસાણી, માધાપર પરિવાર, પ્રવિણભાઈ સામજી વરસાણી, માધાપર પરિવાર, વસંતભાઈ કલ્યાણ વેકરીયા, માંડવી પરિવાર આ પ્રમાણે સંતોને સાથે રાખીને ધ્વજ રોપણનો ઉત્સવ ઉજવવામાં આવેલ.

તેમજ આ ઉત્સવ દરમિયાન બોલ્ટનના યુવક મંડળના ભાઈઓ સૌ મળીને કીર્તન, ભજનનો પોગ્રામ રાખેલ તેમજ યુવક મંડળના સંતો સાથે યુવકોની સભામાં

પણ હરિભક્તો સારા પ્રમાણમાં હાજરી આપેલ. તેમજ પવિત્ર એકાદશીના દિવસે જાગરણના કીર્તનો ગાઈને ઠાકોરજીને રાજી કરેલ. તેમજ તે દિવસે સાંજે હરિભક્તોને ફરાળરૂપી પ્રસાદી ભોજનના યજમાન પણ ગામ દહીંસરાના અ.નિ. માવજીભાઈ વિશ્રામ ખીમાણી હસ્તે સુશીલાબેન તથા સહકુટુંબ પરિવાર તરફથી રાખવામાં આવેલ.

સમાપ્તિના દિવસો સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજીએ ખૂબ જ રૂડા આશીર્વાદ આપી કરીને રાજી કર્યા હતા. ત્યારબાદ મંદિરના પ્રમુખ મંદિર વતી આભાર વ્યક્ત કરવામાં આવેલ. ગામ માધાપરના અ.નિ. અમરબાઈ સામજી કેરાઈ હસ્તે સામજીભાઈ હરજી કેરાઈ સહપરિવાર તરફથી સૌ હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન આપવામાં આવેલ.

બુધવાર તા. ૧૬-૯-૨૦૧૫ના શુભ દિવસે આપણા મંદિરમાં અમદાવાદ ગાદીના નિવૃત્ત આચાર્ય પૂજ્ય મોટા મહારાજ પણ સૌ હરિભક્તોને દર્શનનો લાભ આપવા માટે આવેલ. તેમજ તે વખતે આપણા ભુજ મંદિરના સંતો અને મંડળના સંતો પણ આપણા બોલ્ટન મંદિરમાં યુવકોને સત્સંગનો લાભ આપવા માટે આવેલ.

તેમજ આ પવિત્ર શ્રાવણ માસમાં ઠાકોરજીને જુદા જુદા કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવેલ અને સૌ હરિભક્તોને દર્શનનો લાભ મળેલ.

અહેવાલ :- પ્રમુખશ્રી મનજીભાઈ ગાંગજી હાલાઈ
મંત્રીશ્રી વાલજીભાઈ હાલાઈ

★★★★★★★★★★★★★★★★★★

## શિશેલ્સ શિબિર સંપન્ન

તા. ૩ થી ૬ સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી શિશેલ્સ આયલેન્ડ ઉપર શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છના મોટી સંખ્યામાં વ્યવસાયાર્થે આવેલ યુવાનો સહભાગી થયા હતા. વર્ષોથી ધંધો કરતા કચ્છના ભક્તો પ.ભ. રવિભાઈ રાઘવાણી લક્ષ્મણભાઈ એન્ડ કંપનીના ડાયરેક્ટરના કંપાઉન્ડમાં શ્રીસ્વામિનારાયણ મંદિરની સ્થાપના કરવામાં આવી છે. ભુજ મંદિરના વડીલ સંતો સ.ગુ. મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી, સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી, સ.ગુ. સ્વામી મોરલીમનોહરદાસજી, સ.ગુ. સ્વામી માધવપ્રિયદાસજી આદિ સંતો પધારી શિશેલ્સમાં રહેતાં ભક્તોને આશીર્વાદ આપ્યા છે અને વર્તમાન પૂ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો પણ અહિં પધાર્યા છે અનો શ્રીનરનારાયણદેવની સ્મૃતિ સહ આશીર્વાદના પ્રતાપે બધાજ ભક્તો સુખીયા અને હજારો પરિવારને રોજી રોટી અંહિથી મળી રહી છે. અત્યારે નાની મોટી ૨૦ થી વધુ કંપની આપના હરિભક્તોની છે. જેમાં મુખ્ય પ.ભ. લક્ષ્મણભાઈ એન્ડ કંન્ટ્રક્શન, વિજય કંન્ટ્રક્શન, હરિ બિલ્ડર્સ, સહજાનંદ બિલ્ડર્સ, શ્રીજી કંન્ટ્રક્શન વગેરે છે. અત્યારે ૨૦૦૦ હજારથી વધુ કચ્છના યુવાનો આ કંપનીઓમાં કામ કરે છે. કેટલીક કંપનીઓ સ્થાનિક કાળા લોકોની છે. જેમાં મુખ્યપણે આપણા ભક્તો દેખરેખ રાખે છે.જેવી કે આઈ.ડી.સી. (આયર્લેન્ડ ડેપલોપમેન્ટ કન્ટ્રક્શન), માહે બિલ્ડર્સ વગેરે કંપનીમાં પણ આપણા કામ કરે છે અને પોતાની રોજી રોટી કમાય છે. દરેક કંપનીના જ્યાં જ્યાં કામ હોય ત્યાં રહેવાની સગવડ સાથે મંદિરની પણ વ્યવસ્થા હોય છે. અને મંદિરની સેવા માટે પૂજારીની વ્યવસ્થા પણ કરવામાં આવે છે અને જેટલા કામદારો હોય તે બધાજ સાંજ સવાર મંદિરે દર્શન કરી પછી જ પોતાના કાર્યોમાં લાગે છે. જે આપણા કચ્છ સત્સંગના નિયમો છે તે પ્રમાણે કથાવાર્તા, ઉત્સવો, રાસોત્સવ, હિંડોળા, અન્નકૂટ વગેરે ધામધૂમથી ઉજવાય છે. જેટલા કેમ્પ છે ત્યાં દર રવિવારે કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળની સત્સંગ સભાઓ પણ

ચાલે છે. મુખ્ય મંદિરે થતી યુવક સભામાં બધી જ કંપનીઓ દ્વારા ગાડીની વ્યવસ્થા કરવામાં આવે છે અને મોટી સંખ્યામાં યુવાનો આવે છે અને સત્સંગમાં બળીયા થાય છે.

આ સિવાય (પર્સ લિન) પ્રાલે, દેરોસ, લાડીગ, ફિલિસીટી, સેલ્વેટ, ફ્રિગેટ વગેરે ટાપુમાં પણ કંપનીઓના કામ ચાલે છે અને ત્યાં રહેતા યુવાનો પણ નિયમિત સત્સંગ કરે છે.

ભૌતિકતાથી ભરેલો દેશ જ્યાં અમિરો ફરવા આવે અને મોજ શોખ કરીને જતા રહે છે. આ દેશની આવક ટુરિસ્ટો ઉપર છે. ૮૦ હજારની વસ્તી ધરાવતો શિશેલ્સ ટાપુ જેમાં માગે મુખ્ય સિટી છે. સૌ પ્રથમ ૪૦ વર્ષ પહેલાં લક્ષ્મણભાઈ એન્ડ કન્ટ્રક્શન કંપની આવી ત્યારબાદ ધીરે ધીરે અનેક કંપનીઓ થઈ. એક બીજાનો સહયોગ એક બીજાને મળતો રહ્યો અને સંપથી આગળ વધતા રહ્યા. સત્સંગમાં સુખીયા થયા અને વ્યવહારે પણ સુખીયા થયા. આ દૂર દેશમાં પહોંચવા ૯ કલાકની પ્લેનની સફળ કરવી પડે ત્યારે પહોંચાય.

આવા દૂર દરાજ દેશમાં રહેતા કચ્છના ભક્તો જેમની ભુજ મંદિરમાં નાની મોટી પ્રવૃત્તિમાં ઘણો જ ફાળો રહ્યો છે. ભુજ શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન થઈને રહેલા ભક્તોને સત્સંગનો લાભ આપવા ભુજથી પૂ. મહંત સ્વામીની આજ્ઞાથી દર વર્ષે આવે ૧ મહિનો રોકાઈ સત્સંગનો લાભ આપે છે. છેલ્લે જ્યારથી ભુજ મંદિર દ્વારા યુવક મંડળની સ્થાપના થઈ ત્યારથી યુવક મંડળના સંતો પણ અવાર નવાર પધારે છે અને યુવાનોને સત્સંગનું બળ મળતું રહે છે. દેશમાં યુવાનો માટે થતા કાર્યક્રમોમાં લાભ ઓંછો મળે તો વિદેશમાં પણ સત્સંગનો લાભ મળે એવા હેતુથી શિશેલ્મમાં ૪ દિવસની વિશાળ સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨ દિવસ સાંજે સાંજે ૬થી૧૦ અને બે દિવસ સંપૂર્ણ શનિ-રવિ દરેક કંપનીઓનો આ શિબિરમાં સંપૂર્ણ સહયોગ મળ્યો. ભોજન વ્યવસ્થા, ફ્રૂટ, શરબત તથા જરૂરી બધી જ સામગ્રીની સેવા કંપનીઓ તરફથી મળી. આ શિબિરમાં માહે, પાર્લે, લાડીગ, સેલ્વેટ, વગેરે ટાપુમાંથી યુવાનો પધારી ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. યોગાનું યોગ શનિવારના શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહાપર્વ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. યુવક મંડળના ઉત્સાહિ યુવાનો દ્વારા જન્મોત્સવની હજારો ભક્તો-બહેનો દ્વારા મહાઆરતી કરવમાં આવી હતી તથા મટકીફોડનો ચડાવો લઈને કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના નીલકંઠ ગ્રુપના યુવાનો મટકીફોડનો ઉત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. શિશેલ્સમાં પ્રથમવાર આવી શિબિર અને જન્માષ્ટમીનો ઉત્સવ થયો હોવાથી સમગ્ર ભક્તો ખૂબ જ ઉત્સાહિ હતા અને આ ચાર દિવસ જિંદગીના યાદગાર દિવસો બની રહેશે એવી દરેક યુવાનોના મુખમાં વાત હતી. કેટલાએ યુવાનો પોતાના જીવનમાં નાના મોટા વ્યસનો સંતોના સાંનિધ્યમાં છોડવાનો સંકલ્પ કર્યો હતો.

સંતો ઉત્સાહી યુવાનોને શ્રીનરનારાયણદેવનું બળ આપી હિંમત આપી હતી. જોકે શિબિરના એક એક વિષયો વચનામૃત આધારિત હોવાથી સહેજે જ યુવાનોમાં બળ આવી ગયું હતું. ભુજ મંદિરના વિદ્વાન યુવાન ઉત્સાહિ યુવક મંડળના ૯ સંતો પધાર્યા હતા. જેમાં પ્રેઝન્ટેશન દ્વારા સ્વામી દેવચરણદાસજીએ ઈર્ષ્યાની વાત અને સૂક્ષ્મ શરીરની વાત સમજાવી હતી. વર્તમાન સંતનો મહિમા શાસ્ત્રી પાર્ષદ કોઠારી ખીમજી ભગત વર્ણવ્યો હતો. વિષયમને વ્યાખ્યાન માળાના રૂપમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ ઉત્સાહ પ્રેર્યો હતો. ભગવાનના આદર્શ ભક્તોના જીવનથી પુરાણી સ્વામી પરમહંસદાસજીએ પ્રાણ પૂર્યા હતા. આચમનીયમ શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીએ વચનામૃત પીરસ્યું હતું. અને સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ યુવાનોને અવનવી રમતો દ્વારા હસાવી રમૂજ પીરસ્યું હતું. અને શ્રીઘનશ્યામ બાળ

મંડળના બાળકોને શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજીએ બાળવાર્તાઓ તથા રમત દ્વારા શીખ આપી હતી. જ્યારે શ્રીનરનારાયણદેવનો મહિમા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ વર્ણવ્યો હતો. ભુજ મંદિરના કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજીની ૪ દિવસ હાજરી રહી હતી અને જે ભક્તોએ નાની મોટી સેવા કરી હતી તેમને પુષ્પની માળા સાથે પહેરામણી કરવામાં આવી હતી.

શિબિરમાં ભુજથી પ.પૂ. મહંત સ્વામી તથા પૂ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંતોના ફોન દ્વારા આશીર્વાદ અપાવડાવ્યા હતા. અને છેલ્લે પૂ. સ્વામી પરમહંસદાસજીની ભલામણ સાથે શુભાશીર્વાદ સાથે મંત્ર ગાન સાથે શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું.

અહેવાલ :- સ્વામી ઘનશ્યામનંદનદાસજી

★★★★★★★★★★★★★★★★★

## શ્રીસ્વામિનારાયણ મંદિર મેલબોર્નનાં આંગણે હિંડોળા તથા જન્માષ્ટમી આદિક ઉત્સવની ઉજવણી

અષાઢ વદ-૨થી શ્રાવણ વદ-૨ સુધી આપણા સંપ્રદાયમાં હિંડોળા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે. આવી જ રીતે ઓસ્ટ્રેલીયા મધ્યે મેલબોર્ન શ્રીસ્વામિનારાયણ મંદિરનાં પટાંગણમાં તા. ૨-૮-૨૦૧૫, રવિવાર થી તા. ૩૧-૮-૨૦૧૫ સોમવાર એક મહિના સુધી યુવકો, યુવતીઓ તથા નાના બાળકો સાથે મળીને નિતનવી વસ્તુઓથી હિંડોળાને કલાત્મક રીતે શણગારી શ્રીઘનશ્યામ મહારાજને હિંડોળા ઝુલાવી તેના દર્શન કરીને પોતાના જીવનને ધન્ય બનાવી ભાવવિભોર થયા હતા. અને કૃતાર્થની લાગણી અનુભવી હતી. તા. ૩૧-૮-૨૦૧૫ સોમવારના દિવસે હિંડોળામાં ઝુલતા શ્રીઘનશ્યામ મહારાજની આરતી ઉતારી હિંડોળે ઉત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

તા. ૫-૮-૨૦૧૫ શનિવારના દિવસે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. જે દિવસે શ્રીકૃષ્ણ ભગવાનનાં લીલા-ચરિત્રોની કથા, ધૂન-ભજન-કીર્તન તથા દાંડિયા રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તદુપરાંત બાલ, યુવક, યુવતી મંડળ દ્વારા નાટક, નૃત્ય તથા જન્માષ્ટમી ભજનનું આયોજનમાં સર્વે હરિભક્તો જોડાયા હતા. યુવક મંડળ તથા બાલમંડળ સાથે મળીને જન્માષ્ટમી રમતો, જેવી કે મટકીફોડ રમી ભગવાનને રાજી કર્યા હતા. બરાબર રાતના ૧૨ વાગ્યે શ્રીકૃષ્ણજન્મોત્સવ તથા અન્નકુટની મહાઆરતી ઉતારી ઉત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

અહેવાલ :- મંત્રી, અરવિંદભાઈ હિરાણી

## મૂર્તિ મનોહર

મૂર્તિ મનોહર, પ્યારા ઘનશ્યામની,
નામ લેતા, શાંતિ મળે, સારા જીવનની.
ઘનશ્યામ છે શાણા, સહેજે જીતાણા,
ભક્તિ રસ પીતા ભક્ત, મૂર્તિમાં સમાણા.
હરિ હરિ બોલતા, ભક્તો સૌ ડોલતા,
સત્સંગની સભામાં, વચનામૃત બોલતા.
ઘનશ્યામની લીલા, હરિ છે રંગીલા,
પહેરી હાર ફૂલ કેરાં, શોભે છેલ છબીલા.
લીલા અનંત છે, શિક્ષાપત્રી સાથ છે,
હરિનામ લેતા લેતાં, સુખ અપરંપાર છે.
"અલ્પ" મશગુલ છે, ઘનશ્યામમાં ધૂન છે,
મનહર મોહનજીના, ચરણોનો દાસ છે.

- મુકુન્દ કે. મહેતા "અલ્પ"

# સંપ ત્યાં શક્તિ

બાળ મિત્રો, જય શ્રી સ્વામિનારાયણ, આજે આપણે સંપ અને હિંમત હોય તો શું ન થાય, એ વિષેની વાર્તા સાંભળીશું. અને જીવનમાં ઉતારીશું.




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

સમુદ્રને કિનારે એક ટીટોડી રહેતી હતી. તેણીએ ત્યાં ઇંડાં મુક્યાં હતાં. એક દિવસ સમુદ્રએ પોતાની ચડતી વેળમાં ટીટોડીના ઇંડાંને તાડી ગયો. ત્યારે ટીટોડીએ સમુદ્રને વિનંતી કરી કે મારા ઇંડાં પાછા આપી દો પણ સમુદ્રએ વાત સાંભળી જ નહિ. એટલે ટીટોડીએ પોતાની નાતના તમામ પક્ષીઓને ભેગા કર્યા. અને પોતાના દુઃખની બધી વાત કરી. ત્યારે પક્ષીની નાતના પંચે સર્વાનુમતીએ નક્કી કર્યું કે આપણે સંપ અને હિંમત રાખીને સમુદ્રને પૂરી દેવો.

સૌ નાતના પક્ષીઓ ભેગા થઇ સમુદ્ર કિનારે આવ્યાં. બધા સંપ અને હિંમત રાખી સમુદ્રના પુરવાની શરૂઆત કરી. ત્યાં અચાનક ફરતા ફરતા નારદમુની આવી પહોચ્યા. નારદજી આવીને કહ્યું : કે તમારી નાતના સર્વશ્રેષ્ટ પક્ષીરાજ ગરુડજી છે તેમને કેમ નથી બોલાવ્યા ? માટે તેમને બોલાવો. અને જો આવવાની ના કહે તો નાતબારા કરો. આટલી વાત કરી નારદજી વિદાય થયા. પછી ગરુડજીને બોલાવવા માટે થોડા પક્ષીઓ ગયા પણ ગરુડજીએ વાત માની નહિ. પક્ષીઓ પાછા આવ્યા. અને બનેલી વાત કરી. વાત સાંભળી પક્ષીની નાતના પંચે ગરુડજીને નાત બહારા કર્યા.

આ બાજું નારદમુની ફરતા ફરતા નારાયણ, નારાયણ, કરતા પહોંચ્યા વૈકુંઠમાં અને પક્ષીરાજ ગરુડજી પાસે જઇને કહ્યું : હે ગરુડજી ! પૃથ્વીલોકમાં તમારી જ્ઞાતિનાં પક્ષીઓ અત્યારે શું કરી રહ્યાં છે ?એ તો તમે જણતા જ હશો? કે નાતના તમામ પક્ષીઓ એક સંપ અને હિમંત રાખી સમુદ્રને પૂરવા તનતોડ મહેનત કરી રહ્યાં છે.

ગરુડજી કહે : હા, નારદજી ! પક્ષીઓ વાત કરવા આવ્યા હતા. પણ હું કયા અને એ તુચ્છ પક્ષીઓ કયા એના સાથે મારે કેમ ભળાય ?

નારદજી : તમારે ત્યાં જવું જોઇએ. કારણકે અત્યારે તો તમે અહીં વૈકુંઠમાં છો, એટલે તમારે કોઇની પરવા નથી. પણ જો કાંઇક વાંકમાં આવશો અને ભગવાન તમને રજા આપી દેશે, ત્યારે તમે પોતાની નાત સિવાય બીજે કયાં જશો ? માટે હે પક્ષીરાજ ! પૃથ્વી પર જાવ અને નાતનાં પક્ષીઓ ભેગા ભળો. ગરુડજીને નારદજી સમજાવે છે ત્યાં ભગવાન પધાર્યા અને ગરુડજીને કહ્યું : 'હું આજથી તમને મારી સેવામાંથી મુક્ત કરું છું.' ગરુડજી કહે, 'પ્રભુ ! મારો એવો કયો અપરાધ છે ? ભગવાન કહે, 'તમે નાતબહાર છો, માટે' અને જો સેવામાં રહેવું હોય તો, 'નારદજી કહે છે તે વાત માનો અને જાઓ પૃથ્વી પર નાતમાં ભળો.'

ગરુડજી ભગવાનની આજ્ઞાથી તત્કાળ પૃથ્વીલોક પર સમુદ્ર કિનારે આવ્યા. ત્યાં તમામ જાતનાં પક્ષીઓ ચાંચમાં, પાંખમાં ધુળ,કાંકરા અને વૃક્ષની નાનીડાળીઓ લઇ સમુદ્રને પૂરવાનું કામ કરતાં હતાં. ત્યાં

ગરુડજી આવી હસતાં હસતાં કહેવા લાગ્યા કે, તમે આ શું કરો છો ? ત્યારે પક્ષીઓએ કહ્યું, 'સમુદ્ર ટીટોડીના ઇંડા લઇ ગયો છે તેથી અમે તેને પૂરીએ છીએ. ગરુડજીકહ્યું કે શું આવળો સમુદ્ર આ તમારા રેતી કાંકરાથી પૂરાઇ જશે? ત્યારે પક્ષીઓએ કહ્યું એક સંપ અને હિમંત હોય તો શું ન થાય 'હિંમતે મરદા તો મદદે ખુદા,' હિંમત અને સંપ રાખી કામ કરશું તો ભગવાન મદદ કરશે જ.' પક્ષીઓની એકતા અને હિંમત જોઇ ગરુડજી ભેગા ભળી ગયા. એટલે પક્ષીઓની હિંમત ઓર વધી અને ગરુડજી ચાચમાં અને પાંખમાં મોટા મોટા પર્વતોને ઉપાડી સમુદ્રમાં નાખવા લાગ્યા. આમ જોતજોતામાં સમુદ્ર કેટલોય પૂરાઇ ગયો. પક્ષીઓનો સંપ અને હિંમત જોઇ સાક્ષાત સમુદ્રદેવ હાથ જોડી બહાર આવ્યા, 'માફ કરો, માફ કરો, મારો શું વાંક છે ? મને શા માટે પૂરો છો ? ત્યારે પક્ષીરાજ ગરુડજીએ કહ્યું, 'તમે ટીટોડીનાં ઇંડાં લઇ ગયા છો તે પાછા આપો. નહિ તો તમને પુરી દઇશું તમારું નામ નશાન નહિ રહેવા દઇએ.' ત્યારે સમુદ્રએ ઇંડાં પાછાં લાવી આપ્યાં. દરેક પક્ષીઓ ખુશ થયા. કાર્ય પૂર્ણ થતાં ગરુડજી પાછા વૈકુંઠમાં ગયા. અને સર્વે પક્ષીઓ પોતપોતાને સ્થાનકે ગયા.

બાળ મિત્રો , જોયું ને જયાં સંપ અને હિંમત છે ત્યાં ગમે તેવા શક્તિશાળીને પણ પાછું પડવું પડે છે. માટે જયાં સંપ છે ત્યાં જ સુખ,સંપત્તિ,શાંતિ,શક્તિ અને શોભા છે. માટે હંમેશા સંપીને રહેવું.

અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ....

## -: જ્ઞાનસરિતા :-

### -: જ્ઞાનમાળા:-

૧. શ્રીમદ્ ભાગવત ના મુખ્યા વક્તા કોણ છે ?
(અ)નારદજી (બ)શુકદેવજી
(ક)શિવજી (ડ)બ્રહ્માજી

૨. શ્રીમદ્ ભાગવતના સ્કંધ કેટલા છે ?
(અ)૯ (બ) ૧૧
(ક) ૧૦ (ડ) ૧૨

૩. રાજા પરિક્ષિતને શાપ કોણે આપ્યો હતો ?
(અ) શ્રૃંગી (બ) શમિકઋષિ
(ક) અગત્સ્ય (ડ) વિભાંડક

૪. જળ કમળ છોડી જાને બાળા, આ કીર્તન કોણે બનાવ્યું છે ?
(અ) મીરાબાઇ (બ) પ્રેમાનંદ
(ક) સૂરદાસજી (ડ) નરસિંહમહેતા

૫. શુકદેવજી કોના પુત્ર હતા ?
(અ) ગર્ગાચાર્ય (બ) શિવજી
(ક) વ્યાસજી (ડ) સુતજી

૬. કપીલ ભગવાનના પિતાનું નામ શું હતું ?
(અ) અત્રીમુની (બ) કશ્યપ ઋષિ
(ક) કર્દમ ઋષિ (ડ) પુલ મુની

૭. વારાહ ભગવાન કોને મારી પૃથ્વી પાછી લાવ્યા હતા ?
(અ) હિરણ્યકશિપુ (બ) વ્યોમાસુર
(ક) ત્રિપુરાસુર (ડ) હિરણ્યાક્ષ

૮. શ્રીમદ્ ભાગવત અંતર્ગત યોગ શાસ્ત્ર કોને કહેવામાં આવે છે ?
(અ) પંચમ સ્કંધ (બ) દશમ સ્કંધ
(ક) અષ્ટમ સ્કંધ (ડ) નવમ સ્કંધ

૯. કપીલ ભગવાનનો જન્મ કયા થયો હતો ?
(અ) ગંગાસાગર (બ) સિધ્ધપુર
(ક) કાશી (ડ) અયોધ્યા


૧૦. સ્વયંભૂ મનુની પત્નીનું નામ શું હતું ?
(અ) અનસૂયા (બ) અર્ચા
(ક) શતરૂપા (ડ) પ્રસૂતી

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

૧૮૫૬,શ્રાવણ,શ્રાવણ સુદ ૮,બ્રહ્માનંદ,૧૯૪૭,ડભાણ, ઉત્તરપ્રદેશ,વેદવ્યાસજી, સુંદરીયાળા,ધર્મ સહિત

ઉખાણાં - મોર, દીવાસળી, મીણબતી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સો | શ્ર | ધૃ | સ | વિ | ભી | તિ | પા | અ | થ |
| મ | ર | ષ્ણે | ત્સં | ન | મ | ર્ત | દ | ના | શ્ર |
| ના | ખા | શ્વ | ગ | જ | ના | વે | ઘ | મ | ત્ર્યં |
| થ | થા | ર | કે | ભ | થ | બૈ | વ | ણ | બ |
| વં | ખા | ર્ત | દા | ના | વિ | મા | ન | સ | કે |
| ના | ગે | શ્વ | ર | પ | દ | હા | ણા | ત | શ્વ |
| ન | ર | શ્વ | ના | ઓ | મ | કા | રે | શ્વ | ર |
| સ | મે | કિ | થ | ર્ચ | ન | લે | સો | મે | લ |
| રા | નિ | શ્ર | વ | દ | વિ | શ્વ | ના | થ | અ |
| મ | લિ | કા | ર્જ | ન | કા | ર | સ | પા | અ |



## -: શબ્દ રચના :-

ગણપતિનું પ્રીય ભોજન લાડુના આ ઢગલામાં ગણપતિજીના બાર નામો મુકેલા છે તેને શોધી કાઢો.

ગ
ખ ણ
મુ ક પ
સુ ણા ધ્ય તિ
એ ગ જા ન ન
લં ક જ દં ત ધુ
બો ય વિ ક ટ મ્ર દ્ર
દ ના ધ્ન પિ ર્ણ કે ચં ગ
ન જા વિ ગ સુ ક મુ ખ જા
હ ગ ણા ધ્ય ક્ષ મુ ટ ર્ણ ન તિ
ત ણા એ ક ન વિ ના ય ક ન પ
દં ન ભા દ ર બો ધ્ન દ ક ટ ગ તુ
ક પિ લ શિ વ સુ ત હ અં કુ શ કે સ
એ ક ચં દ્ર શા બુ દ્ધિ દા તા ગ ણ મ્ર ના ર
શ્રી ગ દ્ર ના થ લં બો દ ર જા ન ધુ મ્ર ના શ

**પ્રકૃતિના તત્ત્વો શું કહે છે.**

- સરોવર : દાન આપવાથી ભગવાને આપેલું ઓછું થવાનું નથી.
- સૂર્ય : અતિ ઉગ્ર થશો તો કોઇ સામે પણ નહિ જુએ.
- વાદળ : મારી જેમ બીજા પર વરસી જતાં શીખો.
- વૃક્ષ : પોતાને કષ્ટ આપી શરણે આવેલાને શાંતિ આપો.
- સમુદ્ર : મારી જેમ સારા ખરાબ તત્ત્વોને તમારામાં સમાવો.
- ગુલાબ : મારી જેમ સદ્ગુણોની સુવાસ બીજાને આપો.
- તારા : અંધકારમાં પણ આશાનો પ્રકાશ ગુમાવશો નહિ.
- ચંદન : પોતે ઘસાઓ પણ બીજાને શીતળતા આપો.
- ઝરણું : ધ્યેય પ્રાપ્તિ માટે સતત આગળ વધતા રહો.
- પૃથ્વી : સારા નરસા સહુનું સહન કરતાં શીખો.

**સરનામું**

**નામ..................................................... ગામ ........................તાલુકો........................**

**ઉંમર............શાળા................................ ધો............ મો.ન.......................................**

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૦૦/- | જીતેશ આંબાલાલ ભુડીયા | માધાપર હાલે લંડન | લગ્ન નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ ભુડીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | હરેશભાઈ એન. મહેતા | ભુજ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | માધવ વિશ્રામ વાઘજીયાણી | મેઘપર | નૈરોબીમાં પરમીટ મળતાં ભેટ |
| ૧૦૧/- | જશુબેન કાનજી પિંડોરીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧- | ચંદ્રિકાબેન દિનેશભાઈ બુધ્ધભટ્ટી | માંડવી-ખંભાડીયા | ગૃહપ્રવેશ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | જ્યોત્સના માવજી નાથા હાલાઈ | કુંદનપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | શ્રેય રશ્મિન રાજેન ભુવા | કેરા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૦/- | હર્ષિલકુમાર દેવજીભાઈ ચૌહાણ | ગવાસદ | વેવિશાળ (સગપણ) નક્કી થતાં ભેટ |
| ૧૦૦/- | બીનલ વિશ્રામ કારા | દહીંસરા | નારણપર ગુરુકુલમાં નોકરી મળતાં તે નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | નારાયણ દેવજી ભગત | નાના અંગીયા | અ.નિ. સાં.યો. પાનબાઈ ફઈની ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | મહિલા મંડળ શ્રીસ્વામિનારાયણ મંદિર | નાના અંગીયા | અ.નિ. સાં.યો. પાનબાઈ ફઈની ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | રતનશી લાલજી ડાયાણી હસ્તે ભરત | નાના અંગીયા | અ.નિ. સાં.યો. પાનબાઈ ફઈની ૨૫મી શાંતિભાઈ પુણ્યતિથિ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | અ.નિ. અમરબાઈ મુળજી વાગડીયા હસ્તે સુપુત્રો લાલજી તથા દેવશી | કેરા | તા. ૨-૯ના અ.નિ. થતાં તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૫૧/- | મીત શિવજીભાઈ હીરાણી | માનકુવા | જન્મદિવસ નિમિત્તે ભેટ |


## ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.

દેશમાં — આજીવન સભ્ય રૂા. ૫૦૧/- વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

વિદેશમાં — આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**


ભુજ મંદિર સંચાલિત નવનિર્માણાધીન
શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન નળીયાદ
વાસ્તુપૂજન સં.૨૦૭૧ કાર્તક વદ ૧ ના થશે.


કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના
યુવાનો માટે તાલીસ શિબિર-મૂંબઈ











કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોની સત્સંગ શિબિર - બરકાલ-નળિયાદ પ્રાંત


હિંડોળા ઉત્સવ-નરનારાયણનગર - સુખપર


જન્માષ્ટમી ઉત્સવ - મિરઝાપર







(૧) હિંડોળા ઉત્સવ-સત્સંગ ભવન (ઈન્દૌર), (૨-૩)શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓ
જીલ્લા કક્ષાએ ખો-ખો તેમજ વોલીબોલ સ્પર્ધામાં વિજેતા-ભુજ

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015







**શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધામધૂમથી ઉજવાયો જન્માષ્ટમી ઉત્સવ– ભુજ**








**શ્રી ક.સ. સ્વામિ. મંદિરના ૪૨માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક, તથા સંતો તથા ભક્તો સમુદાય જન્માષ્ટમી ઉત્સવ – બોલ્ટન (યુ.કે.)**